VII

00048245



Digitized with financial assistance from

Ms.Vaidehi Thakar

on 06 November, 2019

THE

DINKARD

THE ORIGINAL PAHLAVI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJARATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS

BY

PESHOTAN DASTUR BEHRAMJEE SANJANA.

VOL. VII.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSHEDJI JEEJEEBHAI TRANSLATION FUND.

Exc 3.—

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA OIL ENGINE PRESS.

87 COWASJEE PATELL STREET, FORT.

IN THE YEAR 1263 OF YEZDAJARD, AND 1894 OF CHRIST.

ORI
Guj. 895.5
San/Dan
48245

00048245

દીનકર્દ કેતાબ,

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતનોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર એહરામજી સંજાણા.

18245

દફતર સાતમું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ છપાવી પરગટ કરયું છે.

EXC 35

મુંબઈ,

દફતર આશકારા ઑઈલ ઈનજીન પ્રેસમાં છાપ્યું છે.

કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

સને ૧૨૬૩ યજદજરદી.

ઈસવી સને ૧૮૯૪.

સાંકળ્યું.

પૃષ્ઠ.

માણસનાં ગણેઆણુને સારૂ મજદીઅસની દીનની દાનાઇ છે ૩૮૭
ઓદાએતાલા આતમાને આએ દુનીઆની કાયા તોખ્મના વસીલાથી આપનારો છે. ૩૮૭
દાદારની સાથે પેહેલો અને પાછલનો સંબંધ રાખનારી પેદાએશ વીશે ૩૮૮
ઓત્તમ બેહશત અને બુરાં દોજખને લગતું કામ કરનાર આદમી વીશે ૩૮૮
હકુમતે પોંહચનારાં અને તેથી પદભ્રષ્ટ થનારાં ખાનદાન વીશે ૩૮૯
(માણસનો) આતમા ઓદાએતાલાની બંદગી કબુલ કરનારો છે.... .... ૩૮૯
અશો અને પાપી આદમીની નીશાણુ.. .... ૩૯૦
આદમીએોનો અને દુનીઆનો સુધારો કરનારા પાદશાહોની ઓલાદ કેહી?.. ૩૯૦
ધણી ચડતે દરજજેની તથા ધણી બુરી હકુમત કરનારા રાજાએો.. .... ૩૯૨
માણસ આએ દુનીઆને સારૂ તેમજ આવતી દુનીઆને સારૂ જોખદાર અને મોતવાલું શાથી બનેછે? ૩૯૩
કયું માણસ પુણ્ય કરવા છતાં તેનો બદલો મેલવી શકતું નથી? ૩૯૪
જમશેદ પાદશાહની લાવેલી દીનની લોકોને ચાલુ સમજ આપ્યાથી દેવોને આદમીએોની તરફથી દુખી થવુંછે ૩૯૫
પાદશાહ જમશેદની ટોળાંનું ભલું કરવાની ૧૦ શીખામણ.. .... ૩૯૮
પાદશાહ જમશેદની નસીહતોની વીરૂદ્ધ બલકને નોકશાન કરનારા જોહાકની ૧૦ શીખામણ ૩૯૯
સારાં દીનથી રયયત ઉપર હકુમત કરનારા (રાજા)એો ૪૦૧
વીચાર કરીને ધનસાકૃથી ચુકાદો આપવો ૪૦૨
દાદાર, હાણી પોહચાડનારી દરએક વસ્તુને સરવે કોણેથી દુર કરનારો છે.... ૪૦૩
ઉલટાં મુલવાલી અનીતીનો તરીકો ૪૦૪
લોકોની નીતીવાલી હયાતીથી બુરાઈ જણાતી નથી ૪૦૫
ઓદાએતાલાની મરજી આદમીએોથી તેની પીછાણ થવાની અને આદમીએોની મરજી પોતાના ઓદાને પીછાણવાનીછે.... .... ૪૦૬
એહરેમનના પાંચ દુર્ગુણો આદમીની અંદર સવાબનાં કામની રાહ મારનારાછે તેથી માણસે પોતાને સુધારવું ૪૦૭
આદમીનું માલેકપણું ૪૦૯
અહુરમજદને માનવાની ભલી દીનના કામોનો વીચાર.... .... ૪૦૯
બલકના લોકોને હલાકીથી છુટકારો અને બુજોર્ગી મેલવવી એકજ દાનાઇથી છે. ૪૧૦
સલામતીવાળું આદમી ભલી દીનનાં લખાણ ઉપર વીશ્વાસ રાખવાથી છે.... ૪૧૧
અપ્રમાણીક અને અનીતીવાળા દરજાની દાનાઇવાળાં પાપી માણસો વીશે.... ૪૧૧
દીનને લગતી ઉલટ આપનારાં આદમી વીશે..... .... ૪૧૨
મીનોઇ દુનીઆના તથા આએ દુનીઆના નીઆધીસોના ચુકાદાને લગતો વીચાર. ૪૧૩

પૃષ્ઠ.
આતમાને લગતી સલામતીવાળાં વચનો ૪૧૩
કાયેદાસરની નેકી.. .... ૪૧૪
વગર ધાસ્તીવાળી જીંદગી ૪૧૪
આદમીઓની પરવરશી અને તેઓનો છુટકારો.. .... ૪૧૫
આદમીઓની અંદર ઘણુંજ ઉત્તમ અને ઘણુંજ બુરૂં આદમી કયું છે ?.... ૪૧૬
ગેબી સલજ મેળવવા સાથ યજદોની યાદ કરવા વીશે.... .... ૪૧૬
આદમીઓના આતમાને નોકસાન કરનારા જોહાકની કીરતી ૪૧૭
મજદીઅસ્ની દીનથી આદમીની અંદર સારા ગુણો અને યાહુદીની દીનથી દુર્ગુણોની ઉતપંતી થાયેછે.... .... ૪૧૮
બંધે દુનીઆની ખુશીને માટે રઅયતને સુધારનાર તથા તેને દુઃખ દેનાર રાજા વીશે.. .... ૪૧૮
દાદાર અહુરમજદની પેહલ્લા આદમી સાથની દોસ્તી તથા તેની તરફનો માણસો ઉપર પેગામ લેઇ જનારા યજદો વીશે ૪૧૯
માણુસને મજદીઅસ્ની દીનનો સંબંધ ઓદાઈ અકલની કઉઅત મેળવવાથી છે.. ૪૨૦
સારી અને ખરાબ જનવાળાં મુળ—માણુસને નેક જનવાળું બનવું સારી ઉલટે અને બુરા જોસ્સાવાળું બનવું બુરી ઉલટે છે તે વીશે ૪૨૧
અગમબુદ્ધિવાલો સખ્શ પોતાના શત્રુનોથી લોકોને ફાયદાકારક રીતે ચલાવનારછે.. ૪૨૨
આતમાને ખાણાં–પીનાથી હુશીયાર રેહવું છે, તથા બદનને તેથી જળવી રાખવું છે. ૪૨૨
આદમીની કાયાને મોતવાળી તથા વગર મોતની બનવા વીશે ૪૨૩
મોત અને એબને લગતી સખ્તી ઉપજાવનારી કઉઅત ૪૨૪
અંધમઝનીકશના ઉપર સપેન્તોમઝનીકશની સેવટની ફતેહ ચહડતે દરજજેનાં કઉઅતથી છે ૪૨૪
બુરા લોકોના મારા તથા બજથી ભલા લોકોને સાચવવા તથા ખુશ રાખવા .. ૪૨૫
દુઆ અને બદ દુઆ કેમ પોંહચેછે તે વીશે.... .... ૪૨૫
જગણુના તરીકાએ પાદશાહી બુનીઆદથી જનમેલો શાહજાદો પાદશાહીને સારૂ લાએકનો છે.. .... ૪૨૭
હયાતીવાળાં (આદમી) ની કાએમ રેહનારી ખુશી અને નાખુશી તથા વગર હયાતીવાળાઓની નાપાએદાર ખુશી અને નાખુશી ૪૨૮
સારી અને નરસી હકુમત કરનારા હાકમોનું શેવટનું પરીણામ ૪૨૯
મજદીઅસ્ની દીન એ અહુરમજદનું કેહવું છે તેની ધંધાણી ૪૨૯
દીનથી ફરનારા લોકોને આએ દુનીઆના પાદશાહોએ સુધારવા ૪૨૯
આદમીનો યજદો તથા દેવો સાથનો સંબંધ તથા જુદાગીનો સમય.. .... ૪૩૧
હાકમોની લાએક ખુશી.... .... ૪૩૨
શરૂઆતથી તે શેવટ સુધી ધરમની કઉઅત એહરેમનની ઉપર બલવંત છે.... ૪૩૩
રોશની અને અંધારાની હસ્તી ૪૩૫
અહુરમજદની દીન તથા એહરેમનની દીનના હાકમ તથા ધરમગુરૂની ખાસીઅત. ૪૩૫
આદમીને સચાઈ અને ઈનસાફનું મલવું અહુરમજદની પખ્શમાં રેહવાથી તથા એહેરેમનની પખ્શમાં નહી જવાથી છે ૪૩૬

	પૃષ્ઠ.
ભલી અને બુરી દીનનું મુળ..	૪૩૭
આતમાનો સંભાલ કરનાર તથા આતમાને નોકસાન પોંહચાડનાર કોણ છે ? ..	૪૩૮
દુનીઆંની અંદર ચહડતે દરજ્જેની તરણ કુઅત છે	૪૩૮
ચહડતા અને ઉતરતા ગુણવાળા સરદારો વીશે..	૪૩૯
મજદીઅસ્ની દીનની જાત—તેની અગમ બુદ્ધિ—દાનાઈ—બખ્શેશ—ઉદ્યોગ—કામ—વીચાર—શકતી—અને ફાએદા વીશે	૪૪૧
મજદીઅસ્ની દીન તથા દેવપ્રસ્તી દીનના પેશવા તથા આગેવાન વીશે	૪૪૨
દરએક જણને પાપથી છોડવનાર અને સવાબકાર બનાવનાર ધરમનો બોધ આપનાર દસ્તુર છે..	૪૪૩
દરએક જરતોશતીને પોશાક પેહડવાની અને શુદરેહ કુશતી વગર નહી ચાલવાની ફરજ	૪૪૪
ભલી દીનનો તરીકો અને બુરી દીનની રીતભાત..	૪૪૫
દુનીઆંમાં દીનનો ફેલાવો કરનારી લાએક વસ્તુ કેઇ છે ?..	૪૪૬
ઘણું ચહડતાં અને ઘણાં બુરાં આદમી વીશે	૪૪૭
દીનને પસંદ કરનારા તથા લોકોને ગુનાહથી ફેરવનારા લોકો વીશે	૪૪૮
પેગમબર જરતોશતના હજારામાં થનારા તરણ બુરી દીનવાળા હાકમ તથા ધરમબુરૂઓથી મજદીઅસ્ની દીનને તરણ મરતબે નોકસાન પોંહચશે તે વીશે.	૪૪૯
ઓદાની અકલનો ભલી દીનની સાથે સંબંધ હોવા વીશે..	૪૪૯
સારા અને ખરાબ વખત વીશે	૪૫૦
ભલાં માણસનાં દીલમાં પાપની ધાસ્તી છે. અને બુરાં માણસને તે નથી	૪૫૦
મજદીઅસ્ની દીનનો સંબંધ ધરાવનારો સખ્શ અશોઇની હકુમતને પાએદાર રાખનારો અને બુરી દીનનાં સંબંધવાળાં ઇમાનને નાબુદ કરનારો છે..	૪૫૧
હયાતી ધરાવનારાઓનાં મકાન વીશે	૪૫૩
હાકમો સાથે આદમીઓના સંબંધનું રેહવું ઓદાઈ પ્રતાપથી છે	૪૫૩
સરવેથી સરસ ભલી દાનાઈવાળાં આદમીને ઓદાતાલાની તરફથી યજદોની મારફતે ઓદાઈ દોલતનું મલવું છે અને બુરી દાનાઇવાળાં આદમીને તેનું મલવું નથી....	૪૫૪
અપ્રમાણીક અને એબવન્તાં માણસના સંબંધવાળી ઇચ્છા..	૪૫૫
દીનદાર પાદશાહ જમશેદે આદમીઓને કરેલી નસીહતો	૪૫૫
ઓરેહને જાલવી રાખનારી તથા ઓરેહને હાંકી કાહંડનારી વસ્તુ વીશે	૪૫૬
(ઇનસાનનો) આતમા તેની દેહનો માલિક અને તેને સહમજ આપનાર તરીકે છે.	૪૫૭
હકુમતની કુઅત જેમ આદમીને ફાએદો કરનારી તેમજ નોકસાન કરનારી છે..	૪૫૭
આદમીએ આતમાને લગતું કામ કરવું અને જે કામ આતમાની વીરૂધનું હોએ તેને તેણે છોડી દેવું	૪૫૮
ઓરેહવાળા દાદારની કીરતીનો અનાદર કરવાએ માણસની કીરતીનું દુર થવું છે.	૪૫૯
બનકની પાસબાની અને સંભાલ કરવા વીશે	૪૬૦
આદમીની ચહડતે દરજ્જેની તથા ઉતરતે દરજ્જેની કીમત વીશે	૪૬૦

(૧૮૦) માણસનાં ગણેઆણને સારૂં મજદીઅસની દીનની દાંનાઈનાં બેહદ પ્રકરણોછે, તે વીશે ભલી દીનને લગતો બોલાસો.

જાણવું કે, જે વસ્તુ સઘલી દાનાઈથી સીનગાર પામેલી છે, તે મજદીઅસની દીન છે. અને તે, પેદાના કરનાર અહુરમજદનો આભાર માનવા સારૂં બહડતે દરજજેનાં ગણેઆણવાલી અકલ છે, તથા તે (અકલ), સઘલાં આદમીઓને દરએક વસ્તુને માંટે એક (દાદાર) ને લાએકનાં ગણેઆણથી બહડતે દરજજેનાં ગણેઆણવાલા બનાવનારી છે. તે (દીન) ની અપરમપાર સહમજનું પ્રકરણ દાનાઈની શકતી ધરાવનારા દાંનાવ લોકોમાં નથી. સહમજ ધરાવનારાં લોકોમાં જેઓ સરવેથી સરસ સહમજ ધરાવનારાછે, તેઓજ તેને લગતી સહમજ મેલવી શકેછે. આદમીની સહમજશકતીની અંદર કાએદાસરનું ગણેઆણ, મજદીઅસની દીનની દાનાઈથી છે.

(૧૮૫) બોદાએતાલા મીનોને લગતી પેદાએશને આએ દુનીઆંની કયા તોખમ (યાને બુનીઆદ) ના વસીલાથી આપનારો છે. તે વીશે ભલી દીનને લગતો બોલાસો.



જાણવું કે, ગેબી પેદાએશને હયાતી આપનારો બોદાએતાલા પોતે, બેમાલમ રીતે, (આએ દુનીઆંની) દરએક વસ્તુને, તોખમના વસીલાથી કઉઅતવાલી કાયા આપનારો છે. જેમ ઉનનો દોરો કાંતવા અને વણવાથી ઘણીએક તરેહનાં કપડાં બનેછે, તે પ્રમાણે પાક બોદાએતાલા સઘલી ગેબી વસ્તુઓને હયાતી આપનારો તથા બીયાંની મારફતે આએ દુનીઆંની કાયા બખશનારો છે. જેમ બહડતે દરજજેની ઉનથી તેને લગતા પોશાકો છે, તેમ આએ દુનીઆંની કાયાઓ કેહેવાએલીછે.

૧ (૧૭૭) **દાદારને લગતી તેની સાથે સંબંધ રાખનારી આગલી અને તેની સાથે સંબંધ રાખનારી પાછલની પેદાએશ કેહીછે ? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, દાદારની સાથે આગમચનો સંબંધ ધરાવનારી ખુદ દાદારના સંબંધવાલી પેદાએશ (યજદ અમેશાસ્પંદો) છે. અને દાદારની સાથે સેવટનો સંબંધ ધરાવનારી (પેદાએશ) હદવાલા વખતની અંદર (યનો રીસ્તાખેજની આગમચ) ફશકેરેતિ (યાને છેલ્લા સુધારા) ને માટેનું કામ કરનારા લોકોની છે.*

૧ (૧૭૮) **સરવેથી ચહડતે દરજ્જેની દુનીઆંને માટેનું કામ કરનાર તથા સરવેથી બુરી દુનીઆંની તરફ વધારે ખેંચાનાર (આદમી) વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવુ કે સરવેથી ચહડતે દરજ્જેની દુનીઆંને માટેનું કામ
૩ કરનારૂં આદમી તે છે, કે જે પોતાંના મુખ્ય (ખોદાએતાલા) ની તાબેદારી કરનારૂં તથા તેના હોકમને માંનનારૂં તથા તેને લગતા પાદશાહનાં ફરમાન પરમાણે ચાલનારૂં અને તે વખતના જરતોશતી વડા ધરમગુરૂના હોકમને માન આપનારૂં હોએછે. જે આદમી બુરી દીનને માટેનો ફરેબ આપનારના સંબંધને લીધે પોતાના ખોદાને નહી માનનારૂંછે, તે સરવેથી બુરી દુનીઆંની તરફ વધારે ખેચાનારૂં છે, તે (આદમી) તેના વખતના જરતોશતી વડા ધરમગુરૂની તથા તેને લગતા પાદશાહની નીમખહરામી તથા નાફરમાની કરનારૂંછે.

---

* છેલ્લા સુધારાને લગતું કામ કરનારા લોકો ગયોમરદ—હોશંગ—તેહમુરસ્પ—જમશેદ—ફરેદુન—કેખ્સરૂ—સામ—પેશોતન—હોશેદર—હોશેદર માહ—અને સોસીઓશને સહમજવા.

(૮૧૧) **હકુમતે પોહચનારી ઓલાદની નીશાનો તથા તે હકુમતને તેથી પાછી પૂરવાની નીશાનો વીશે, ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, જે ખાનદાનવાળાઓમાં નુરનો પ્રકાશ—ખોદાઇ બુદ્ધિનું રેહઠાણ—અને બંદગીથી (ખોદાએતાલા તથા યજદ, અમેશાસ્પંદોનો) સંબંધ હોએ, તેઓને હકુમતે પોંહચવું છે—અને તેઓને મોટા અને નાંધલા ઉપર બુજોરગીનું મેલવવું—તેઓની બરદાશત કરવી—નાંધલાંથી તે મોહટાનું સારી રીતે સાંભલવું—ભલાઇ શાથનું ચહડતે દરજ્જેનું કઉઅત—બેટાના ફરજંદોની ઘણી વરધી અને (તેઓથી) દુનીઆંમાં મોતનું કમ થવું છે. ૨

જે ખાનદાનમાંથી હકુમતનું પાછું ફરવું છે, તેની નીશાંન સારા ખવાસવાલી બુદ્ધિનું તેથી પાછું ફરવું છે—નાશકારક લડાઇનું (તેની અંદર) રેહઠાણ થાએછે. તેમાં યજદાંની દોસ્તી રેહતી નથી—મોહટાથી તે નાંધલાને તેની તરફથી ખરાબ મદદ કરવીછે—તે નાંધલાથી તે મોહટાનું સાંભલનારો નથી—ચહડતે દરજ્જેનાં બેટાઓનાં ફરજંદની વરધી તેને ત્યાં થતી નથી અને તેનીથી દુનીઆંમાં મોતનો ધણો ઉપદરવ થાએછે. ૩

(૮૧૦) **આતમા (પાક ખોદાએતાલાની) બંદગીને કબુલનારોછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, જે શખસ અગમ બુદ્ધિવાલો છે, તે પોતાના આતમાને સારૂં (પાક દાદારની) બંદગીને કબુલ રાખનારો છે; કારણ કે તે પોતાની ખોદાઇ દોસ્તીવાલી જાતથી—નીરમલ સચ્ચાઇથી—કામેદાસરના વાજબી બોલવાથી—અને ભરોસો રાખવાજોગ સખુનો વાપરવાથી—દાનેશમંદોની સોહબત રાખવાથી અને તપાસ રાખીને ઘટતે વખતે વાતચીત કરવાથી, પોતાનો (દોજખથી) છુટકારો મેલવનારોછે. ૨

૧ (૧૮૧) **અશો અને પાપી (આદમી) ની નીશાંન વીશે ભલી દીનને લગતો ખોલાશો.**

૨ જાણવું કે, અશો અને પાપી (આદમી) ને લગતી ઘણીએક નશાંણીઓછે, તેમાં અશોને નેકનામી અને પાપીને બદનામીની (ઇધાંણી) છે. આતમાને લગતા ગેબી જવાંનો (યાને બોદ—અખો—રવાંન અને ફરોહર) ને લગતા પુરતા સુધારાથી, તે અશોની ઉપર નેકીનું પ્રકાશવું છે. અને તેની જાત રોશની વાલી સરવેથી ચહડતે દરજ્જેનાં ઉપરી (અશો અહુરમજદ) થી છે. તથા (મીનોઇ જેહાનમાં) તેનાં રવાનનું મકાંન ચહડતે દરજ્જેનું છે.

૩ પાપીનાં રવાંનને વધારે કઉઅતદાર બનવું, અંધારાવાલાં (દોજખ) ની ગંધાતી જાતવાલા સરવેથી ચહડતે દરજ્જેના (એહેરેમન) થી છે. દીનમાં જણાવેલુંછે કે, જેની ઉપર યજદોનું પ્રકાશવુંછે, તે અશો લોકોની અંદર વધારે કઉઅતવાલો છે, પાપીઓના ધંધાતા સરદાર (એહરેમંન) ની ઉપર, અશોની અંદર જે વધારે અશોછે તે ઉનચે દરજ્જેનોછે. અને પાપીની અંદર જે વધારે પાપી આદમી છે, તેને નાસ પામનાર (એહરેમને) બનાવેલુંછે.

૧ (૧૮૨) **આદમીઓની ઓલાદની અંદરના આદમીઓને સુધારનારા, ઘણો સુધારો કરનારા, અને (દુનીઆંને) સરવેથી સરસ જેબદાર બનાવનારા પાદશાહ-ઓની ઓલાદ વીશે, ભલી દીનને લગતો ખોલાશો.**

૨ જાણવું કે, સધલાં આદમીઓ ગયોમરદની ઓલાદના છે. અને ગયોમરદની અંદરથી સરવેને સુધારનારા પાદશાહની બુનીઆદના ફરવાક*થી ચહડતે દરજ્જેના ચેઆર બખતાવર છોકરાઓ જનમેઆ હતા. (તેમાં એક) હોશહંગ—(બીજો) વહુદાદે—(તરીજો) અશોદાદે—અને (ચોથો)

* ૧૭૬૭ ફરવાક–વીસે બુન્દેહશને નામની પેહલવી કેતાબમાં લખેછે કે તે સીઆમકની ઓલાદનો હતો. અને ફરવાકનાં તોખમથી પાદશાહ હોશંગ જણમેઓ હતો.

તાજ. હોશહંગની ઓલાદની અંદર ઘણો સુધારો કરનાર ઈરાની (પાદ- ૩
શાહ) ઓનો વડીઅલ **એરચ** જનમેઓ હતો. અને ઘરમી કામ કરનાર ૪
નેરીઓસંગ*થી ઈરાનનો બુજોરગ પાદશાહ માનુશચેહર (મીનોચેહર)
જનમેઓ હતો. અને આએ દીનદાર નેરીઓસંગની ઓલાદના ૫
(દુનીઆંને) સરવેથી સરસ જેબદાર બનાવનાર માનુશચેહેરથી મોટી
બુજોરગીવાલો કયાંની પાદશાહોનો વડીઅલ કેકોબાદ જનમેઓ હતો.†

---

* પાદશાહ મીનોચેહર એરચની દીકરીને પેટે પાદશાહ ફરેદુનના ભાઇનો છોકરો જે પરએજગાર નેરીઓશંગ નામનો હતો તેની બુનીઆદથી જનમેઓ હતો. શાહનામાંની અંદર શાએર ફીરદુસીએ એ પાદશાહના બાપનું નામ پشنگ 'પશંગ' કરીને લખેલું છે, તે ઉપરથી ધારવાને બનેછે કે પેહલવી વાંચણની ખામીથી نيريوسنگ નેરીઉસંગનું پشنگ પશંગ—થાએલું છે. એ વીશે શાહનામાંની અંદર શાએર ફીરદુસી નીચે મુજબ લખેછે :—

مران لاله رخ راز سر تا بپاي — تو گفتي مكرايرجستي بجاي
چو برزست و آمدش هنگام شوي — چو پروين شدش روي و چو قيرموي
نيا نامزد كرد شويش پشنگ — بد و داد چندي برامد درنگ
پشنگ آنكه پور برادرش بود — نژاد از كرانمايه كوهرش بود
كوي بود از تخم جمشيد شاه — سزاوار شاهي و تخت و كلاه
يكي پور زادآن هنرمند ماه — چكونه سزاوار تخت و كلاه
فريدون چو روشن جهانرا بديد — بچهره نوآمد سبك بنكريد
مي روشن آورد و فرخنده جام — مراو را نهادش منوچهر نام

પાદશાહ મીનોચેહર એરચનો વારેસ (યાને પાલક) હોવાથી ફરવરદીન યશતના ૨૮ માં કરદામાં તેના નામને ફરેદુનનાં ફરેાહરની યાદ કીધા પછી એરચની સાથે યાદ કીધામાં આવેલું છે.



ફરેદુન આથવીઆંનનાં અશેાફરેાહરની હમેા યાદ કરીએ છએ.
મીનોચેહર એરચનાં અશેાફરેાહરની હમેા યાદ કરીએ છએ.
તેમજ હાલમાં જશનની કીરીઆમાં આપણા કદીમ પાદશાહેાનાં નામની અંદર મીનોચેહરનું નામ એરચની સાથે લીજીએ છએ.

† કયાંની વઉંસનો વડો કેકોબાદ પાદશાહ ફરેદુનની ઓલાદનો હતો એવું દીનકરદનાં ઉપલાં લખાણમાં આવેલું છે, તેજ પ્રમાણે ફીરદુસી તુશીનાં શાહનામાંની અંદરથી એ પાદશાહ ફરેદુનની ઓલાદનો હતો એવું જેહાં પેહેલવાન રૂસતમના પુછવાથી તેણે નીચે મુજબ જણાવીઉં હતું :—

ز تخم فريدون منم كيقباد — پدر بر پدر نام دارم ياد
چو بشنيد رستم فروبرد سر — بخدمت فرود آمد از تخت زر

આએ કયાંની પાદશાહનાં રવાંનની યાદ, આપણા પેગમબર અશેા જરતો-

દરએક ઠેકાણે લાંબી મુદતવેર જે કાંઇ પાદશાહી કાએમ રેહશે તે આએ ચેઆર જણથી જનમ લેનારાઓની ઓલાદથી છે; વલી દરએક તબક્કાનું રાજ જેનીથી તપતું રહેસે તે રાજ આએ ચેઆર ઓલાદમાંના કેયાંની એક રાજને એકેક પછી મલતું થાશે. તેમજ જે કોઇ ક્રશકન્તને માટેની કેટલીએક દાનાઇ ધરાવનારાછે તે પણ મીનોચેહર અને હોસંગ એ બેહુ (પાદશાહો) ની ઓલાદની અંદરના (ગ્રહસ્થો) છે. વલી (દીનમાં) જણાવેલું છે કે તે (ક્રશોકન્તના વખત) માં જેને પાછી હકુમતનું મલવું છે, તે એજ (કયાંની) ઓલાદનો સંબંધ ધરાવનારને છે. એટલેજે તે વખતમાં હફ્તકેશવરના લોકો ઉપર કેખશરૂને ઘણીજ ચહડતે દરજ્જેની હકુમત ભોગવવીછે.*

૧ (૧૮૮) પાદશાહઓમાંનાં જે પાદશાહઓ હકુમતની અંદર ઘણાજ ઓત્તમ તથા ઘણાજ બુરા છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, ઓત્તમ હકુમતવાલો પાદશાહ ચહડતે દરજ્જેનાં ખોરેહવાલો—(લોકોમાં) ખોદાઇ બુદ્ધિવાલા ધરમને જનમ આપનારો,—રાજની આબાદીને જવાંન (યાને ખીલતી) રાખનારો—અને બીજાઓની સંકટને પુરતી રીતે પીછાંણીને દુનીઆંને શુખ આપનારો—ખલકની પરવરશી કરનારો—ખુશીનું મુલ—માણસને છુટાપણું આપ-
૩ નારો અને સખાવતથી દુરવેર પ્રકાશનારોછે. અને તેઓમાંનો જે ઘણોજ બુરો હાકમ છે તે, ઘણાજ બુરા સાયાવાલો—બુરાઇનો શોકીન—ઉલટા વીચારવાલા (ધનામીનો) ના ખરાબ મારગનો બચાવ કરનારો—અધરમીને

શતે, ફરવરદીન યશતના ૨૮ માં કરદાની અંદર મીનોચેહરશાહની પછી કયાંની પાદશાહોનાં નામોની અંદર પેહલી કરેલીછે. જેમકે :—

ૐ ૪૦૧૭૫૭૫૭૫૭૫ ૭૫૭૫૭૫૭૫૭૫૭૫ ૭૫૭૫૭૫૭૫૭૫૭૫

ઉતેજન આપનારો—(ખલકને) ઘણીજ સંકટમાં રાખનારો—અને પોતાની હકુમતથી લોકોને કમજોર કરનારો—પાપનું મુલ—ઇજા દેનાર—બીજાઓને ઘણું દુઃખ દેનારો—દુનીઆંને સંકટમાં રાખનારાં (લોકોને) મદદ કરનારો—(લોકોને) અશકત કરનારો—(પોતાના) હરીફને કઉવત આપનારો—અને બખીલીથી (ખલકને) ઘણીજ બંદીવાન કરનારો છે. વલી પેલા દુરઅંદેશ હાકમો વીશે કહેલું છે કે, ૪
તે પાદશાહો મોહટી નજરથી હકુમતની મારફતે સખાવત કરનારા—હીમતથી લોકોને બચ્ચાંની માફક ઉધારનારા—તેઓનું પાલણ કરનારા—લોકોને ચહડતે દરજ્જેના બનાવનારા—મોલુકને જેમદાર તથા રોનકદાર કરનારા—હજુરીઓને માનઐકરામ અને ચહડતી પદવી આપનારા છે. અને (તેઓ) દુશમનોને જેર કરેછે, તેઓને પછાત નાંખેછે અને (પોતે) ચહડતે દરજ્જેની બુલંદગી મેલવેછે, અને ગેતી અને મીનાઇ (દુનીઆં) ને લગતી સઘલી નેકીનાં કાંમ કરેછે. હાકમો આતમાને (દુખ દેવા- ૫
ના) કનજુસીના વીચારથી હકુમતને ખરાબ કરેછે—દુકાલ પાડેછે—ખલકને કમજોર બનાવેછે—અને લોકોના જલકાટને જાંખ પોહચાડેછે—તથા મુલકોની ખરાબ તથા બુરી અવસ્થા બનાવેછે અને (પોતાના) હજુરીઓ (યાને વજીર અમીરો) ને દુખી અને પરતી દસાવાલાં કરેછે. અને જે ઉલટું કરનારા દુશ્મનો છે તેઓને વધારેછે અને સારી ચાલવાલા લોકોને હીના કરેછે. અને સઘલાઓને ખાંમીથી ચલાવેછે.

(૧૧૯) હદવાલા અને વગર હદવાલા વખતને લગતી જેમદાર દાનાઈથી (માણસ) શકતીવાન કેમ થાએછે? તથા હદવાલા તથા વગર હદના વખતમાં (માણસ) મોતવાલું (યાને ઈજા ભોગવનારૂં) સાથી બનેછે? તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, હદવાલા વખતની અંદર ચહડતે દરજ્જેની હયાતી ૨
દાનાઇના સબબથી છે, અને માણસ સઘલી રીતનું જેમદાર તેથી બનેછે. દરએક બાબતમાં માણસને લાએક શકતીવાલું થવું લાએક જીનદ-

ગીથી છે. જેબદાર દાનાઇ હોવાથી ઇનસાન સઘલી બાબતમાં શકતીવાન જણાએલું છે. તેથી ખલકનું મુલ (યાને લોકોને જનમ આપનાર) જે અશો અહુરમજદ છે, તેને લગતા વગર હદના વખતની સરવેને સહમજ આપનારો ધરમગુરૂ સઘલી જેબદાર દાનાઇની અંદર પુરતો શકતીવાનછે. અને લોકો આસમાની દોરવાલા આએ દુનીઆંને લગતી હદવાલા વખતની અંદર તેનીથી હયાતી ભોગવવાને શકતીવાન થાએછે.

૩ જે પાપી (એહરેમન) છે, તે આસમાની દોર વગરના વગર હદના વખતની અંદર હમેશનું દુખ ભોગવનાર બનેલોછે. તેમજ જે પાપી આદમીછે તે આએ હદવાલા દોરને લગતી યાને આએ દુનીઆંની હયાતી પુરી કીધા પછી દુખ ભોગવનારૂંછે.

૧ (૧૮૦) **જે કોઈ સવાબ કરવા છતાં તે કરેલા સવાબનો લાએક બદલો મેલવવાને ઉમેદવાર રેહછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, જે કોઇ સવાબ કરવા છતાં તે કરેલા સવાબનો લાએક બદલો મેલવાને ઉમેદવાર રેહછે, તે (સવાબ) ચેચ્યાર પ્રકારના છે.

૩ પેહલ્લું—સવાબ કરવાને વાસ્તેનું ચહડતે દરજ્જેનું કામ સહમજેઆ વગર, જે કામ સવાબ કરવાની સહમજને લગતું નહી હોએ તે કરે, તે ફાએદાસરનું નથી. એમ છતાં જો કોઇ તે દીનથી ઉલટું કામ કરે તો તે કામનો બદલો તેને મુતલક પોહચતો નથી.

૪ બીજું—વલી જે (સવાબ) ની ઉપર તેની ઇચ્છા—શોક ધરાવનારી નહી હોએ, પણ તેને કાંઇએક સવાબનાં કામ તરીકે ગણીને તે કરે, તો તે અણુગમતા કરેલા સવાબનો બદલો તેને મલતો નથી.

૫ તરીજું—વળી જે (સવાબનું) કામ કરવાને એક શખ્સ જાતે શકતીવાન હોએ તથા તે કામને સવાબ તરીકે તે સમજે અને તેની ઇચ્છા તે ઉપર હોએ, તે છતાં તે સવાબનું કામ તે પોતે નહી કરે (યાને બીજા પાસે કરાવે) તો તે સવાબનું કરેલું કામ તેને નહી પોંહચે.

ચોથું—વલી જે શખ્સ એક કામને સવાબને માટેનું સહમજે ૬
અને તે કરવાની કુશેશ તેણે પોતાની ઇચ્છા અને બલે કરવી જોઇએ, તે
છતાં તેની હીલચાલ તે નહી કરે, તો તેને સારૂં કરેલો સવાબ તેને નહી
પોંહચે. પણ જેને તે સવાબનું કામ સહમજે, તે સવાબનું કામ તેણે
પોતાની ઇચ્છા અને ઉલટથી કરવું જોઇએછે, તે કરવામાં જેમ બને
તેમ તે કુશેશ કરે તો, તે કરેલા સવાબનો બદલો તે કરનારની આસા
મુજબ તેને મલે.

સવાબ કરવાને માટેનો ઘટતો વીચાર બે તરેહનો છે. (એક) બનતી ૭
કુશેશથી સવાબને લગતાં કામને પીછાણવાનો અને (બીજો) તે ઉપર શોક
રાખવાનો, કે તેને લગતી બનતી કુશેશથી તે સવાબનો તેને સંબંધ થાઇ
શકે. જેમકે અવસ્તામાં ફરમાવેલું છે કે, સવાબને માટેની બનતી કુશેશ
કરનાર—પેહલવાનોમાં સરવેથી સરસ પેહલવાન છે.

વલી ઉપર (સવાબની) ચેઆર વીગત જણાવેલીછે, તે ઉપરાંત ૮
દાનાઇ—ઇચ્છા—શકતી અને ઇન્દરીઓ ઇત્યાદીની (સવાબકારીને
માટેની) કુશેશનો રસ્તો ખોલ્લો મેલનારી ચેઆર વસ્તુઓછે.

(૮૫) આદમીઓની તરફથી દેવોને દુખ થવું, એ જમશેદના ૧
લાવેલા ધરમના કાએદાઓ વારેઘડીએ આદમીઓને જાહેર
કરવાથીછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાંણવું કે દરએક વસ્તુને લગતાં કામને ફાએદો થવો, એ ૨
જમશેદને લગતા ધરમના કાએદાઓથી છે. અને તેથી ઋહીબુત તથા
અઇબીબુતને તથા તેનાં બુરાં કામોને હાંણી પોહચેછે. અને (તે જમશેદનો)
ધરમી કાએદો આદમીઓની અંદર દાદારની જાતી અકલની મારફતે
સુધારો કરનારોછે. તે (જમશેદનો) ધરમી કાએદો ઋહીબુત તથા અઇબી-
બુતની મતલબવાળા અને દેવનો ઉલટો વીચાર ધરાવનારા લોકોને ખોદાઇ
અકલથી હાંણી પોહચાડનારો છે. આદમીઓની અંદર ધરમને લગતી
ખોદાઇ અકલ હોવાથી તેઓ ઉલટા વીચારના દેવની ઉપર હમેશાં ફતેહ
મેળવનારાં છે. આદમીઓને ધરમી તરીકાની ચાલચલણથી (બદીની ૩

ઉપર) ફતેહ મેળવવીછે. અને તેથી ક્રહીબુત અને અઇબીબુતને નબલાઇ
૪ મેલવવી, અને લોકોને ખુબીથી રેહવું છે. આદમીઓની અંદર તે પાદશાહ સરવેથી સરસ છે કે, જેની અંદર દાદારની જાતી અકલ વધારે હોએછે. અને તેથી તે (પાદશાહ) દરએક ઠેકાણેથી જલેમ—ઉલટા વીચારવાળા દરૂજને દુર કરનારો અને હાંકી કાહડનારો છે. અને તે ખોદાઇ અકલવાળા ધરમ-ગુરૂઓની મારફતે આદમીઓને હીમતથી દીનની સહમજ આપી સારી રીતે ચલાવનારો છે. અને ઉલટા વીચારના મુખ્યની (યાને એહરેમનની) નબલાઇથી દરએક ઠેકાંણે આદમીઓની અંદર દેવના સંબંધ વગરની ખોદાઇ અકલની નસીહતની અસર થાએછે. અને દુનીઆંમાં ઇનસાફ તથા ધરમી
૫ કાએદો ચાલુ રેહછે, અને લોકો નેકીથી સુધારાવાળાં બનેછે. જમશેદની હકુમત થવાની આગમચના હાકમોની અંદર દેવોનાં લુટારાપણાંથી ખોદાની અકલની નબલાઇ—અને ઉલટી અકલનું વધારે બળ હતું. અને ખોદાઇ બુદ્ધીનો નીતીવાન તરીકો દેવની ક્રહીબુત અને અઇબીબુતની બુરી બુદ્ધીથી એટલો નીચે પડી ગીએો હતો કે આદમીએો ફાડી ખાનારાં જાનવરોનાં જેવાં હતાં. અને તેઓમાં ખોદાઇ નસીહત નહી હોવાથી તેઓ બુરી હાલતના બનેઆં હતાં. અને તેઓ ઉપર ક્રહીબુત અને અઇબીબુતને (યાને અપ્રમાણીક તથા એબ આપનારને) ઘણી ફતેહ મેલવવાથી તેઓ બેઅદબ બનેઆં હતાં. અને ધરમ વગર કામ કરવામાં—ખાવામાં—આપવામાં—રાખવામાં અને બીજી ચાલચલણમાં ખરાબ થાએલાં હતાં. અને તેથી દુનીઆં ગેાયા આએ રીતે જણાતી હતી, કે આદમીઓની તરફથી ખોદાની ધરમી બુદ્ધીનું પાછું ફરવું અને દેવની બુરી બુદ્ધીનું ફાવવું હોય, તથા ખોદાઇ બુદ્ધીવાળા તરીકાના વિચારનું દુનિઆંમાંથી અસ્ત પામવું હોએ અને ક્રહીબુત તથા અઇબીબુતના અધરમી વીચારનું આદમીઓની અંદર રેહઠાણ થયું હોએ અને દુનીઆં તેથી વેરાન તથા ખરાબ થઇ હોએ.
૬ દાદારની ઇચ્છાથી જમશેદને હકુમતે પોહચવું અગત કરીને દેવોની આરાધના કરવાથી આદમીઓને અશકત કરવા સારૂં તથા તેઓને ખોદાની ધરમી અકલથી દેવની ઉલટી અકલવાળા કમારગથી છુટકારો આપવા સારૂં હતું. દેવોની ઉલટી અકલવાળા ક્રહીબુત તથા અઇબીબુતનો ઉપાએ આદમીઓ ધરમી કાએદાવાલી ખોદાઇ અકલથી જોઇ શકેછે, અને દરએક જગોએ દેવને આદમીઓથી આજેજ થવું—તથા

વગર મારગના બનવું અને નબલા થવું (તે ધરમી બુદ્ધીથી) છે. ખોદાતાલાની ૭
ધરમી બુદ્ધીના પ્રકાષવાએ દેવને લગતા કહીબુત અને અઇબીબુતને હાણી પોંહચવીછે. અને ખોદાઇ બુદ્ધીવાલા ધરમના વીચારથી કહીબુત તથા અઇબીબુતને (દુનીઆંમાંથી) હાંકી કાહડવાછે. અને તેથી દુનીઆંમાં સુલેહ સંપન્ન તથા બુજોરગી અને ચલકાટની કઉવતનું રેહવુંછે. અને તેથી દુનીઆંને આરાસ્તગી–સીનગાર અને શુખ રેહછે. પણ દાદારની ચહડતે દરજ્જેની ખોરહે અને બુજોરગીને આદમીની ઉપરથી લેઇ લેવામાં આવેછે, ત્યારે તે આદમીને દોજખમાં પોંહચવુંછે. અને તેની શુસ્ત જાતને દોજખની અંદર દેવનાં રૂપમાં હીલચાલ કરવીછે. અને તે વેળા તેનામાં દેવને મારવાની કસ્સી શકતી રેહતી નથી. દેવો ખોરહેમંદ તથા ખોદાની આરાધના કરનારાં આદમીઓના ઉપાએવાલા કામોથી અશકત થાએછે અને પાછા હટેછે. અને દેવો પોતે મરાએલી અને હાણી પોંહચેલી શકતીના થાએછે, તેઆરે આદમીઓથી તેઓને અશકત થાવું અને દુર રેહવુંછે. અને તેથી ઉલટા વીચારવાળો દેવ આદમીઓ ઉપર ૮
ગાલેબો કરવાથી પોતાને દુર રાખેછે તથા ઉલટા વીચારના કહીબુત તથા અઇબીબુતને તેથી નબલું પડવુંછે. અને ધરમી ખોદાઇ બુદ્ધીનું આદમીની અંદર પ્રકાશવું તથા ખલકની અંદર ખોદાઇ બુદ્ધીવાલા તરીકા તથા વીચારોને ફતેહ મેલવવીછે. અને તેથી અહુરમજદની પેદાએશને હાણી પોંહચાડવાનો અટકાવ કરવોછે. દીનમાં જણાવેલુંછે કે જમશેદના ખોલાસા ભરેલા ધરમી વીચારોથી (દુનીઆંમાં) દરએક ઠેકાણે દેવોનો અટકાવ કરેઆમાં આવેઓ હતો.

(પાદશાહ જમશેદે) આદમીની અંદર દાદારની ખોદાઇ અકલનો ૯
ફેલાવો આએ અને આવતી બેહુ દુનીઆંને લગતી ફાએદેમંદ આરાધના કરવા સારૂં તથા આતમાને બેહુ દુનીઆંને લગતો ખોરાક આપવા સારૂં અને દરએક યજદ અમેશાસ્પંદને પીછાણવા સારૂં કરેઓ હતો. કારણકે (આદમીઓને સારૂં) દરએક સુખને જનમ આપનારો ધરમનો કાએદો છે. (આદમીઓને) યજદાંથી અટકાવવાં તથા તેઓની અંદર ઉલટા વીચાર ઉતપન કરવો, સઘલી હલાકીવાલી કહીબુત અને અઇબીબુતની હમેશની વગર તરીકાવાલી દીનથી છે.



૧ (૧૨૧૧) **ટોલાનું ભલું કરનારા જમશેદની આદમીઓને માટેની ૧૦ શીખામણ, તથા તે ખુબી ભરેલી ૧૦ શીખામણની વીરૂધની પેદાએશને ઘટાડનારા જોઆકની ૧૦ શીખામણ, ભલી દીનને લગતા લખાંણ ઉપરથી.**

૨ જાણવું કે, ખોદાઇ અકલને જનમ આપનારી, લોકોને ફાએદો કરનારી—ભલી દીનને પસંદ પડતી દાદારની ઇચ્છાવાલી—ટોલાનું ભલું કરનારા જમશેદની આદમીઓને ૧૦ નસીઅત (નીચે મુજબ) કરે-આમાં આવી હતી.

૩ પેહલ્લું—(આદમીઓએ) દાદારને દુનીઆંને પેદા કરનાર તથા દુનીઆંને નહી ખરાબ કરનાર તરીકે વીચારવો—ગણવો—કેહવો અને તેની ઉપર (સરવેએ) એતેકાદ રાખતાં રેહવું.

૪ બીજું—આબાદીને માટેની કોઇબી વસ્તુને સારૂં, દેવને (યાને એહરેમનને) નહી યાદ કરવો.

૫ તરીજું—પોતાની વચ્ચે ધરમને મોટો ગણવો અને તે ઉપર વીશ્વાસ રાખવો.

૬ ચોથું—દરએક કામમાં (પોતાને) પ્રમાણીકપણાંથી ચલાવવું, અને તે (ચાલચલણ) થી કૃહીબુત અને અઇબીબુતને વગર તેજના કરવા.

૭ પાંચમું—(લોકો સાથે) ભાઇઓની માફક ભાઇબંધ તરીકે ખાતું ખાવું.

૮ છઠું—બાપની માફકનું કામ કરવાની કેળવણી લેવાની બાપે (પોતાનાં) ફરજંદોને સારી ઉલટ આપવી.

૯ સાતમું—બખ્શેશને લાએકનાઓને (ઇચ્છાને ગરીબોને) પોતાના તરીકે ગણીને બખ્શેશ કરવી. અને જો તેની તરફની કોઇ બખ્શેશથી તેઓ નહી ધરાએ તો (તેઓને) શીખામણ દેવી.

૧૦ આઠમું—દરએક જણે રવાંનને લગતો નેક બદલો મેલવવા સારૂં આદમીઓ તથા ગોસપંદોને માતેલાં કરવા સારૂં તે મકાનમાં અનાજના કોથરાવોના જખીરો કરી રાખવો.

૧૧ નવમું—(મકાનની અંદર) પખ્શીઓ તથા બકરાં અને મેહનડાં-ઓનાં નેજાસતથી આદમીઓને નોકસાંન નહી થાએ અને ઘણો ફાએદો

થાએ તે સારૂં બદબોઇવાલી વસ્તુને ત્યાંથી દુર કરવાની (લોકોને) નસીહત કરવી.

દશમું—ગોસ્પંદ ચેઆર વરસની ઉમરે પોંહચે, તેની આગમચ ખોરાકના સામાંનને સારૂં તેને નહી મારવું; કારણુકે ચેઆર વરશ સુધી ગોસ્પંદ—બકરાં અને મેહનડાંની જાતને પાલીને ઉધારવાનું ફરમાન છે. તેથી ચેઆર વરસમાં તેના દેખાવ તથા કદને વધવા દેવું અને ચેઆર વરસવેર તેને પાળવું અને તેવાર પછી તેહનો ઘટાડો થાએ. ૧૨

(૧૮૮) **નેક ટોલાવાળા જમશેદની આએ ઊપલી બલકને પૂરાએદો કરનારી ૧૦ નસીઅતની સાહામણે, યજદાંની બલકને નોકસાંન પોંહચાડનારા—યાહુદી ધરમના—દેવની ઈચ્છાવાળા—પેદાએશનો ઘટાડો કરનારા—ધરમગરૂ જોહાકની ૧૦ નસીહતો.** ૧

પેહલ્લું—જમશેદની દાદારને દુનીઆંનો પેદા કરનાર તથા દુનીઆંને નહી મારનારો કેહવાની (નસીહતની) સાંહમણે, જોહાકે દાદારને દુનીઆંને હાણી પોંહચાડનાર તરીકે કહેએો હતો. ૨

બીજું—જમશેદે દેવને દુનીઆંની વસ્તુની આબાદી કરનાર તરીકે નહી યાદ કરવાની નસીહત કરી હતી, તેની વીરૂધ જોહાકે દુનીઆંની સરવે ચીજની આબાદી કરનાર તરીકે દેવોને ઈજવા સારૂં કહીઉં હતું. ૩

તરીજું—જમશેદે આદમીઓની અંદર ઈનસાફને મોટું માન આપવા સારૂં નસીહત કરી હતી, તેની સાંહમણે જોહાકે ઈનસાફ અને ચુકાદાને હાણી પોંહચાડવા સારૂં તથા ઈનસાફની જગોએ લોકોનો ઉલટો ઈનસાફ કરવા કહીઉં હતું. ૪

ચોથું—જમશેદે દરએક કામની અંદર પ્રમાણીકપણાંથી પોતાને ચલાવવા સારૂં નસીહત કરી હતી, તેની વીરૂધ જોહાકે દરએક કામની અંદર અપ્રમાંણીક અને એમ આપનારી રીત વાપડવાનું (લોકોને) કહીઉં હતું. ૫

૬ પાંચમું—જમશેદે લોકોની સાથે ભાઇ તરીકે ખોરાક ખાવાની નસીહત કરી હતી, તેની સાંહમણે જોહાકે લોભ રાખવાની કેલવણી આપવા તથા જોહાકની જીનદગીથી (યાને એખલપેટાપણાથી) રેહવા સારૂં કહીઉં હતું.

૭ છઠું—જમશેદે બાપે તેનાં બચ્ચાંઓને પોતાના જેવું કામ કરવાની સારી કેલવણીની ઉલટ આપવા વીશે નસીહત કરી હતી; તેની સાહમણે જોહાકે બાપની માફકનું કામ કરવાની કેલવણીની ઉલટ તેનાં બચ્ચાંઓને નહી આપવા સારૂં વસીઅત કરી હતી.

૮ સાતમું—જમશેદે બખ્શેશ કરવાજોગ (ગરીબ) લોકોને પોતાની માફકના ગણીને બખ્શેશ કરવાની નસીહત કરી હતી; તેની વીરૂધ જોહાકે તેને લગતી બખ્શેશને દરએક જણ પાસેથી લુટી લેવા સારૂં કહીઉં હતું.

૯ આઠમું—જમશેદે ગેાસ્પંદને પુરતી ઉમરના થયા આગમચ કાપવાની મનાઇ કરી હતી; તેની સાહામણે જોહાકે યાહુદીઓની રસમ પરમાણે શોકથી ગેાસ્પંદોને કાપવાની (લોકોને) કેલવણી આપી હતી.

૧૦ નવમું—જમશેદે કોઇ વસ્તુથી (આદમીઓ તથા ગેાસ્પંદોને) નોકસાન નહી થાએ તે સારૂં આદમીઓ અને ગેાસ્પંદોના ઘણુ ફાએદાને સારૂં ગંદગી અથવા બદબોઇને તેઓથી દુર કરવાની નસીહત કરી હતી; તેની વીરૂધ જોહાકે યાહુદીના ધરમ પ્રમાણે દેવસ્થાનને ભોગ આપવા સારૂં યજદાંપ્રસ્ત તથા પરહેજગાર આદમીનાં માથાને કાપવાની અગતની ભલામણ કરી હતી.

૧૧ દશમું—જમશેદે હુનાળા તથા શીઆલામાં (આદમીઓ અને ગેાસ્પંદોને) ઉધારવા સારૂં અનાજનો જખીરો કરી રાખવાની નસીહત કરી હતી. તેની વીરૂધ જોહાકે ઘાતકીપણાથી દીલમાં વેર રાખવા અને
૧૨ નવા નવા બાએકસારીને કતલ કરવા સારૂં કહીઉં હતું. આએ જમશેદની ૧૦ ફાએદાકારક નસીહતની સાંહામણે જોહાકની આલમને નોકસાન કરનારી દશ નસીહતને સારી રીતે લખીને ધરમનાં લખાણ તરીકે જેરૂશલમની અંદર રાખવા સારૂં (જોહાકે) ફરમાવીઉં હતું.
૧૩ તે પછીના યાહુદીઓના ધરમગુરૂ ઇબરાહીમે તે લખાણથી કામ કીધું

હતું. અને તે જોહાકની* તરફનું ધરમનું લખાણ હતું તેને લોકો સેવટે ૧૪
આવનારા ઈબરાહીમ પેગમબરનાં લખાણ તરીકે ગણવા લાગા હતા.
અને પેલા જોહાકથી સાંભલેલા સખુન હતા, તેને લોકોમાં ચાલુ
રાખવા સારૂં કહીઉં હતું. તેથી દરએક યાહુદી તે (જોહાકનાં)
ધરમનાં લખાણને પોતાને માટેનું ગણવા લાગા અને તે ઉપર
એતકાદ રાખવા લાગા.

(૧૮૧) **રઈઅતની ઊપર હકુમત કરનારાઓ—અને તે હકુમતથી** ૧
રઈઅતની ઊપર સારી નજર રાખનારાઓ, વીશે
ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, રઈઅતની ઉપર હકુમત કરનારા પાદશાહો દાદારની ૨
ઈચ્છાવાલા અને દાનાઈની કઉઅતવાલા હોએ તે છે. જે પ્રમાણેનો
(પાદશાહ) આદમીઓની અંદર સામની બુનીઆદનો ગ્રિત હતો.† આંએજ
મતલબ ઉપરથી અવસ્તાની અંદર બદનવાળાં ઈનસાનોના માલેક તરીકે
ઈનસાફી પાદશાહને કહેલાછે. અને તેનો અરથ બદનવાળા લોકોના માલેક-

* જોહાક—વીસે યજશનેના ૯ માં હાના ૮ માં ફેકરામાં નીચે મુજબ
પાક અવસ્તામાં લખાણ આવેલું છે.

"જેણે (યાને ફરેદુને) તરણ મોહડાંવાલા (યાને જુડા)—તરણ માથાંવાલા
(યાને બેરડા)—છ આંખવાલા (યાને લોભીઆ)—હજાર ગણી બુરી કુશેશવાલા—
દેવ-દરજની અતી ઘણી સકતીવાલા—દુનીઆંની અંદરના બુરા પાપી જોહાકને
મારેઓ હતો. જેહને અંગ્રમઇનીઉશે તનોમંદ દુનીઆંની અંદર નેક દુનીઆંને
હલાકી આપવા સારૂં, ઘણીજ કઉઅતવાલા દરજ તરીકે બનાવેલો હતો."

† ગ્રિત—એ—પાદશાહ જમશેદની ઓલાદથી પાંચમી પેહડીએ જનમેલા
પેહલવાન સામનો દીકરો હતો. યજશનેના નવમા હાના ૧૦ મા ફેકરાના પાક
અવસ્તામાં જણાવેલુંછે ૨ કે ગ્રિતએ હોમની ક્રિયાથી યજશને કરીને દાદાર પાસે
બેટાઓ માંગેઆ હતા, તેથી એક ઇનસાફને જેબ આપનારો ઓરવાખ્શ અને
બીજો જેહાંપેહલવાન કેરશાસ્પ એ નામના બે બુધીવંતા બેટાઓ તેનાથી
જનમેઆ હતા. સામનું નામ હાલમાં રવાનોની યાદ કરતી વખતે આપણા
મોબેદો 'સહેમ' કરીને લીએછે. અને ગ્રિતનું નામ 'અસરત' કરીને લીએછે.

નો થાએછે. જેમ દાદાર આદમીઓને સલામતી ભરેલાં રાખનારો અને (પોતાનાં ભળાં કાંમથી) સીનગાર આપનારો છે, તેજ પ્રમાણે સઘળાં બદન વાળાં આદમીઓનો આએ દુનીઆનો પાદશાહ છે. અને તેમજ દરએક બદનવાળું આદમી તેની જાત ઉપર મોલેક છે. આદમીને રઇઅતની હકુમત આપવાનો સબબ આએ છે કે, બીજાં આદમીઓને તે આએ દુનીઆનાં (લોકો ઉપર) તેના સારા ઇનસાફથી સરદારી કરવાએ દાનાઇની ઇચ્છાથી ચલાવે. અને તેઓને દુરગુણોને ટાલવાની ચહડતે દરજ્જેની કેલવણી આપીને ઉલટા મારગથી તેઓને અટકાવે. કે જેથી સઘળા લોકોને 'ફ્રશોકન્ત' (ઇઆને સેવટના સુધારા) ના સંતોષકારક વખતનો સંબંધ મલે, તથા દુનીઆંની અંદર તે સરવે શકતીવાન દાદારની ઇચ્છા મુજબની છેલા સુધારાને લગતી હકુમત અપાએ. જેને લીધે તે પાદશાહ, આદમીઓના ઘર—ગામ—શેહર અને કેશવરની ઉપર, સઘળી સહમજ ધરાવનારા—સરવે શકતીવાંન—બરદાસ્ત કરનારા (દાદાર) ની તરફથી, જેમ તે તેની પોતાની પેદાએશની ઉપર મોલેક તરીકે છે, તેવી બખ્શેશવાળી જાતનો બને.

૩ તે (પાદશાહ) નું કામ રઇઅત ઉપર સારી રીતની નજર રાખવાનુ છે, કે જેનું કામ જમશેદની માફક ખલકના સારા પાદશાહ તરીકે અતીઅંત સવાબનું હોએ. પણ જો તે (પાદશાહ) અતીઅંત ગુનાહનાં કામવાળો હોએ તો તે જોહાકની માફક બુરા હાકમનું નામ ધરાવનારો છે.

૧ (૧૧૦) ઇનસાપ્રની મારપ્રતે વીચારથી ચુકાદો આપવા વીશે ભલી દીનને લગતો બોલાશો.

૨ જાણવું કે, વાદીએ ઇજા પાંમેચ્યા વગર, કોઇની પાશે ઇનસાફ
૩ કરાવવાના વીચારને સારૂં નહી જાવું. પણ જે વાદી ઉમરે પોંહચેઆ વગરનાં (બાળક) થી ઇજા પામવા વીશે નીચ્આધીસની આગલ જાએ, તો તે (બચ્ચાં) ને સારૂં ઇનસાફ આપવાની આગમચ તકરાર કરવી અને જેમ બને તેમ તેને ઇજા નહી દેવી.

૪ છુટકારાના વીચારને લગતી તે (બોરત) છે, કે જેણીની જાત, વગર ખાવંદ તરીકેના બીજા શખ્શને બદકારીને સારૂં અપાએલી હોએ. અને

તેણીને પારકાઓની મદદ પેલા બેવફા પુરૂષથી બચાવવા સારૂં નહી મળી હોએ, તો ખચીત તે જેલમથી થાયલાં કામની આગમચ તેને મદદ નહી મળવાનાં કારણને લીધે તેણીને નીર્દોશ સહમજવી. અને જો તેણી વગર પરણેલી હોએ અને તેને બાળક અવતરે તો તેણીની ઘણી લાજનો વીચાર રાખીને તે બચ્ચાંને બેતીઓદથી (યાને નકાહથી) જનમેલું કેહવું.

(૧૧૧) કોઈબી ઠેકાણે જો બલકને હાણી પોંહચાડનારી વસ્તુ હોએ તો, તે હાણી પોંહચાડનારી વસ્તુને લોકોથી દાબી નાંખવાને બલકની ઉપર રેહમ કરનારો દાદાર શકતીવાન છે, તે વીશે ભલી દીનને લગતો બોલાશો. ૧

જાણવું કે, દાદાર બલકની સાથે ઘણો સંબંધ ધરાવનારો અને બાપથી જનમેલાં ફરજંદની માફક તેની ઉપર દયા રાખનારો છે. અને જેમ બાપ પોતાનાં બચ્ચાંને હલાક કરનારો નથી અને તેને મુતલક પાપ નહી કરવા વીશેની અને નેકી (તની તરફથી) થવાની ઈચ્છા રાખનારો છે, તેમ દાદાર પોતાની પેદાએશને સારૂં (કામ) કરનારો છે. તેમજ તે બલકની અંદર હાણી તથા એબ કરનારો નથી. દાદાર પોતાની પેદાએશને ચાહનારોછે. અને દાદારની સામણે થનારા દુશમન (એહરેમન) થી જેમ જોઈએ તેમ તેની પેદાએશને દુર રાખનારો છે. કારણકે ફરજંદને ચાહનારા બાપથી તેનાં બચ્ચાંને હાણી પોંહચતી નથી, પણ તે ફરજંદના બાપનાં દુશમનથી પોંહચેછે. ૨

શકતીવાંન દાનાઈવાળો સાહેબ બુરી બખ્શેશ કરવાને લાએક બનેલો નથી. તેમજ તે સાહેબ બલકની અંદર વગર હલાકીએ કોઇને ઈજા દેનારો નથી. યજદાં વગર તેઓને બેકરારીવાળા (એહરેમન) થી છુટકારો તથા હમેશનાં સુખનું મલવું નથી. સેવટને લગતી કુશેશથી (યાને સેવટનું સુખ મેલવવાની હીલચાલ કરવાથી) આદમી એબ આપનારા એહરેમનને ટાળેછે, અને દાદારની મદદનો બદલો મેલવનારૂં થાએછે. દાદારે બલકનાં લોકોને તેઓનાં દુઃખને તથા તેઓનાં દુઃખવાળાં મુળ (એહરેમન) ને ટાલવા સારૂં પુરતી શકતીઓ બખ્શેલીછે, જેને ૩

લીધે દરએક પેદાએશ ઉલટાં મુળવાળા એહરેમને દાબી નાખવાને ગાલેબ જણાયલીછે.

૪ જે ધરમગુરૂઓ દુનીઆંમાં એબ અને હલાકી આપનારા અને દાદારની પેદાએશને યાહુદીના ધરમના તરીકા સાથે શરાકતવાળી બનાવનારા છે, તેઓને તે બુજોરગ રેહેમના સાહેબ દાદાર વીશેની સહમજ આપવી અને દરએક હલાકી પોંહચાડનારા ગુનાહનાં કામ નહી કરવાની તથા નેકી અને સવાબનાં કામ કરવાની તેઓને નસીહત કરવી.

૧ (૧૧૪) ઊલટા મુળવાળી અનીતીના તરીકા વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે જે કાંઈ નીતીનું મુળ છે તે દાનાઇછે અને દાનાઇનું મુળ ખોદાઇ અકલ છે; અને ખોદાઇ અકલને પેદાએશની અંદર જનમ આપનારો દાદાર છે.

૩ અનીતીનું મુળ બુરી બુદ્ધી છે, અને બુરી બુદ્ધીનું મુળ અંધમઇનીઉશની ઉલટી અકલ છે. અધમઇનીઉશની ઉલટી અકલવાળી બુદ્ધી અનીતીનાં મુળને જનમ આપનાર છે અને તે દાદારની પેદાએશની અંદર કામ કરવાને માટેની નથી, પણ તેમાં એબ કરવાજોગ છે. વળી અહુરમજદની તરફનો દરએક કાએદો છે, તે દરએક નીતીને જનમ આપનારો અને નીતીના પ્રકાશથી પેલા ઉલટા મુળવાળાના નાલાએક તરીકાનાં પરીણામોને જાહેર કરનારો છે. અને તે ભલાની તરફનું મુળ તેને લગતી ભલાઇથી ઘણી ભલાઇ કરનારૂં છે.

૪ જે બુરાની તરફનું (મુળ) છે, તે તેને લગતી બુરાઇથી ઘણી બુરાઇ કરનારૂં છે. વળી ખોદાઇ અકલને લગતી જે દાનાઇ છે તે દાનાઇની અંદરની ભલી દાનાઇ છે; ખોદાઇ અકલને લગતી જે નીતી છે તે દાનાઇના તરીકાથી ભલીછે. નીતીમાંથી જે વસ્તુઓ જનમ લેનારીછે, તે આએ અને આવતી દુનીઆંને લગતી નેકીવાળી નીઆમત છે. અને તેથી આવતી દુનીઆંને લગતી સઘલી ખુબીઓછે. અને આએ દુનીઆંની નેકીની નીઆમત નીતીથીછે.

જે ખોદાઇ અકલવાળું મુળ છે, તે સઘલી નેકીઓને સારૂં ઓત્તમ ૫
વસ્તુ છે, અને એવી બીજી સઘલી નેકીઓનો સંબંધ (માંણુસને) તેથીછે,
તથા તે (માણુસ) ભલું, તેને લગતી ખોદાઇ અકલવાલી સઘલી નેકીથી છે.

જે ઉલટી અકલવાળાની બુરી બુદ્ધીછે, તે ઉલટી અકલવાળાની ૬
બુરી બુદ્ધીથી માણુસ બુરાઇ કરનારૂં છે. અને જે બુરી બુદ્ધીવાળું છે તે
અનીતીવાળુંછે અને તે અનીતીવાળી બુરી બુદ્ધીથી બુરાં કામ કરના-
રૂંછે. અનીતીનાં જે બચ્ચાંઓ છે તે કંગાલીઅતને લગતી બદીની
અનીતીવાળી હયાતી છે. તે બુરૂં કામ કરનારૂં (આદમી) આવતી દુની- ૭
આંની અને આખ્ખે દુનીઆંની સઘલી હલાકીવાળું છે. આવતી દુની-
આંનું અને આખ્ખે દુનીઆંનું (યાને આતમા અને બદનને લગતું)
સઘલું નોકસાંન–હાંણી અને દુઃખ અનીતીવાળાં ઇનશાનથી છે. ઉલટા ૮
વીચારનાં મુળથી સરવેથી સરસ સઘલી હલાકીછે તથા બુરૂં કામ કરનારૂં
આદમી બીજી સઘલી હલાકીના સંબંધવાલું તેથીછે, અને ઉલટા વીચા-
રથી તેને લગતી સઘલી હાણી છે.

જે ધરમગુરૂઓ દોલતવાળાં એક મુલના (યાને ખોદાએતાલાના) ૯
મજહબને લગતા છે, તેઓનો મજહબ નીતીવાન છે. તે બુરાં મુળવાળો
શખ્સ (પોતાની) સઘલી બુરાઇને લીધે બુરો કેહવાએલોછે. જે સપેના-
મીનોને લગતી નીતીવાલોછે, તે બદકારી વગર અંધ્રમઇનીઉશનો સરદાર
(યાને એહરેમનને કાએદામાં રાખનારો) કેહવાએછે.

(૧૧૮) નીતીવાળી હયાતીથી લોકોમાં બુરાઇ જણાતી નથી. ૧ તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, જે આદમી ખોદાનું તાબેદાર અને પવીત્ર ઇચ્છાવાળું ૨
હોયછે, તેનીથી દરએક ઠેકાંણે જયાં ખરાબ ઇચ્છાવાળું (માણુસ) હોએછે
તે (નેક) ઇચ્છાવાળું થાએછે, (અને તે સબબને લીધે) કેઠે ખરાબ ઇચ્છા
રેહતી નથી. જેની ઇચ્છા બુરાઇથી પાક અને સવચ્છ છે, તેનામાં કાંઇબી ૩
બુરાઇ રેહતી નથી. અને નીતીવાન–સવચ્છ અને પાક ઇચ્છાવાળું માણુસ
બદીને લગતું બની શકતું નથી. જયાંસુધી ખેદાએશ નીતીવાન હયાતીવાલીછે

૪ ત્યાંસુધી લોકોની અંદર ઇચ્છાની મારફતે બદી જણાતી નથી. જે બુરાં મુળથી છે, તે પવીત્ર અને સવછ નીતીવાળું બની સકાતું નથી. કારણકે બુરાં મુળને એ પરમાણે લાએક થવું હોએ કેમ ? અને ભલાઇ જે અહુરમજદી હયાતીવાળાઓનું મુળ છે, તેને જાહેર કરનાર પેલું બુરાઇનું મુળ હોએ નહી ? અને જેનીથી લોકોને ભલાઇ છે, તે મુળ સંકટવાળાં મુળ તરીકે કેમ હોએ ?

૫ જે ધરમગુરૂઓ લોકોની અંદર બુરાઇને જાહેર કરનારા છે, તેઓ પોતે નીતીની આંખ વગરના છે. જેઓનો ધરમ હમેશની બદીથી નજીસ થાએલો હોએ તે પેલા નીતીની ઇચ્છાવાળાની વસ્તુના તરીકા વાળો કેમ હોએ ? અને જે નીતી સવછ અને પવીત્તર ઇચ્છાએ કરી (માણસને સારૂ) છે, તેને શુધરવું દેવની નજીસ ઇચ્છા જે બુરાઇને માટેની છે તેથી કેમ બને ? જેઓનો નીતીવાળો ધરમ છે તે બદી વગરનો કેહેવાએછે.

૧ (૧૧૮) **ખોદાએતાલાની ઇચ્છા છે કે દરએક ઠેકાંણે આદમીઓ તેને પીછાણે. તેમ આદમીઓની ઇચ્છા તે સાહેબને પીછાણવાની છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે દાદાર અહુરમજદની ઇચ્છા આદમીઓ તેને પીછાણે તે વીશેની છે. વળી તેજ સબબને લીધે જે કોઇ શખ્સ તે દાદારને લગતી સઘલા આદમીઓને સહમજ આપવાની શકતી ધરાવનારો હોએછે, તેને દીનની અંદર મુખ્ય અને ઓતમ (દાદારને પીછાણવાની) શીખામણ આપનારો જણાવેલોછે. દાદારને પીછાણવાને માટેનું ભાષાણ કરવાની અમરગીવાળાં (યાને દોજખની ઇજાથી છુટકારો મેલવેલાં) આદમીઓને સારૂં નથી, પણ બીજાં આદમીઓ જે લોભ—હવસી વીચાર—દેવાંનગી—આલસાઇ—સુસ્તી અને બીજા દુરગુણોની ઇજા દેનારી દરએક ખરાબ શકતીથી એબવન્તા થાએલા હોએ અને જેઓ તે પેદા કરનારને નહી ઓલખતા હોએ તેઓને દીનના પેશવાએ

અહુરમજદને લગતી સહમજ આપવી. ખોદાઇ અકલ જે આદમી (દેવની બુદ્ધીથી) ફેરવાઇ ગએલું હોએ તેને પેદા કરનારની સંભાલ ભરેલી શકતીની સહમજ આપનાર છે. અને આદમીઓને ખોદાઇ અકલની શકતીનું મેલવવું તેને લગતી કેળવણી આપનાર (ધરમગુરૂ) ની તરફથી છે.

જે કોઇ આદમીઓને ખોદાઇ અકલની નસીહત શીખવનારો છે ૩
તેને તે કેલવણી આપવા સારૂં દાદાર ખોદાઇ અકલનું કઉઅત બખ્શનારો છે. તેથી તે શકતીવાન ઉસ્તાદને ઉલટા વીચાર અને બીજી એબોથી નથી નોકસાન થવાનું કે નથી ઇજા પોહચવાની.

જે ધરમગુરૂઓ ઉલટા વીચાર અને બીજા દુરગુણોથી (આદમીઓને) ૪
આજાર દેનારા તથા દુઃખી કરનારા છે, તેઓ ખોદાઇ અકલની કેલવણી આપવાની તથા નીતીની સહમજ આપવાની શકતી ધરાવનારા નથી. પણ આદમીઓને ગુનાહ કરવાની અને નીતીથી ઉમેદવાર (યાને નીતી વગરના) રાખવાની સહમજ આપનારા છે. તેઓનો ધરમ (આદમીઓને) નોકસાન કરનારો છે.

ખોદાતાલાને લગતી સહમજ ધરાવનારૂં અને સવાબનું કામ ૫
કરનારૂં આદમી, ધરમ વગરનું તથા ખોદાની ઓલખ વગરનું અને ગુનાનું શોકી કેહવાતું નથી.

(૧૧૦) એબ આપનાર (એહરેમન) ના પાંચ દુરગુણો માણસોની ૧
જાતની અંદર (સવાબકારીની) રાહ મારનારા છે; તેઓથી
(માણસોએ પોતાને) સુધારવાં તથા તે દુરગુણોને વગર
તેજવાળા કરવા વીશે ભલી દીનને
લગતો ખોલાસો.



જાણવું કે એબ આપનાર (એહરેમન) નાં પાંચ દુરગુણો દરએક ૨
માણસની અંદર (સવાબકારીની) રાહ મારનારા છે. અને તેથી માણસો જોલમગાર થાએછે. તેઓની વીગત :—(માણસને) ઇજા દેવાની કેળવણી—ઠગાઇ—દુઃખ દેવું—બદકારી—અને જાડઇ છે, તેઓથી આદમીએ

૩ પોતાને સુધારવું. આદમીને ઈજા દેવાની વધારે કેળવણી, લોભની મારફતે મલેછે; વધારે ઠગાઇ કરવી, દેવોના ખવાસથી છે; અને વધારે દુઃખ દેવું, વેર રાખવાએ છે; વધારે બદકામ કરવું, અદેખાઇથી છે. અને વધારે
૪ જાદુઇ બુરી નજરથી છે. ઈજા દેનારી કેળવણીને વગર તેજની કરનાર થવું પોતાની અંદર સંતોષને મોહટાઇ આપવાને લીધેછે; વળી બદનની અંદર સંતોષને લગતા સારા ગુણને મોહટાઇ આપવાએ, આદમીની અંદરથી લોભનો દુરગુણ દુર થાએછે; અને તેથી બુરી કેળવણીવાળી
૫ દરૂજની શકતી માણસથી વગર તેજવાળી બનેછે. ઠગાઇને લગતાં (યાને દેવથી ઠગાએલાં) આદમીએ પોતાની અંદર ઘણું કરીને સવાબનાં કામ કરવાને ચહડતે દરજેનું ગણવું, કે (સવાબનાં) જાહેર કામ કરવાના સારા ગુણને આદમીની અંદર ચહડતે દરજેનો ગણવાએ, દેવોના ખવાસ-વાલી એબ તુટેલી થાએછે. અને તેથી ઠગાઇ કરવાની બુરી શકતીઓ તે
૬ માણસની અંદર વગર પ્રકાષવાળી રેહછે. જે આદમી ઈજા દેવાવાળું હોએ, તેણે પોતાની અંદર ઘણું કરીને બરદાશત કરવાના ગુણને મોહટાઇ આપવી, કે બરદાશત કરવાના ગુણને તેમાં મોહટાઇ મલવાએ, વેર રાખ-વાના દુરગુણોને હાંણી પોંહચેછે. અને દુઃખ દેનારા દરૂજની શકતી તે આદમીથી વગર તેજની થાએછે.

૭ જે આદમી ખરાબ મતલબવાળું હોએ તેણે પોતાની અંદર ખોદાની તાબેદારીના વીચારને ઘણી મોહોટાઇ આપવી; કેમકે ખોદાની તાબેદારીના વીચારવાળા સારા ગુણને તેની અંદર મોહટાઇ મળવાએ, અદેખાઇની આએપતવાળા દુરગુણને હાંણી પોંહચેછે. અને દરૂજની બદકારી તેની અંદર વગર તેજની થાએછે.

૮ જાદુઇવાળાં આદમીએ અગત કરીને પોતાની અંદર સારી નજરને (યાને લોકને સારી રીતે ચાહવાના વીચારને) મોહટાઇ આપવી, કારણકે તે નેક નજરવાળા સારા ગુણને તેની અંદર મોહટાઇ ભોગવવાએ, બદનજર (યાને લોકોને બુરાઇ પોંહચાડવાની મતલબ) ના દુરગુણને હાંણી પોંહચેછે.
૯ અને જાદુના દરૂજની શકતી તેનાથી વગર તેજની થાએછે. જે કોઇ ભલી દીનવાળાં તથા દાનાઇની પુછપરછ કરનારાં આદમીને ઘણા ઉલટથી આએ (ઉપલી) સહમજ આપનારો હોએછે, તે (પોતાનાં) કામથી આએ પાંચ દરૂજોને (યાને ઉપલી દુરગુણ શકતીઓને) હાંણી પોંહચાડનારોછે.

અને તે શખ્સ તેનાં ભલી દીનને લગતાં તે ચહડતે દરજ્જેનાં કામથી, ભલી દીનને લગતી ઓત્તમ નામદારી મેલવનારોછે. અને શખતી ઉપજાવનારા અંધકારની હલાકીથી છુટકારો મેલવનાર અને ચહડતે દરજ્જેની નેકીવાલા (દાદાર) ની સગાઇવાલો થાએછે.

(૧૧૫) આદમીનાં માલેકપણાં વીશે ભલી દીનનો ખોલાસો. ૧

જાણવું કે જે આદમીની અંદર તેની ઇચ્છાનો ઉપરી બોદાએતાલા ૨
હોએછે, તે આદમી જાતે નુરવાલું છે. તે આદમી પોતાની દોલત તથા કામોથી ચહડતે દરજ્જેનું બનેછે, તેઆરે તે પોતાને નમ્રતાઇના ગુણથી સુધારે છે. જેમ એક ઘોડાનો સવાર લગામની મારફતે ઘોડાને આગલ અને પછવાડે ચલાવનારોછે, તથા જેમ એક અકલવાળો સવાર પોતે સુધરેલા અને તાબેદાર (યાને કેલવાએલા) ઘોડાને હાંકવામાં કઉઅતદાર હોએછે. અને એક બુદ્ધીવાન સવારની ઇચ્છા પોતાના છુટકારાને માટેની તથા હાણી પોંહચાડનારા હરીફથી દાનાઇએ કરી પોતાને ચલાવીને હરીફની ઉપર ફતેહ મેળવવાની હોએછે, તથા જેમ એક ખુબીથી તપાસ રાખનારો ઘોડેસવાર પોતાના ઘોડાને દુશમનોની લડાઇમાં લેઇ જાય અને સંભાલ રાખીને તેને પાછો લાવેછે તે પરમાંણેછે. પણ જે (દેવથી) ચોરાએલી અકલવાલો ૩
છે, તે પોતે ઉલટી બુદ્ધીની ઇચ્છાથી પોતાનાં નોકસાનને સારૂં અને હરીફનાં ફાએદાને સારૂં સઘળાએથી હીણાતો રેહછે. અને જેમ એક ખરાબ ઘોડેસવાર તેનો જે હરીફ હોએછે તેની આગલ પોતાના ઘોડાની મારફતે મોતને સારૂં પોતાને લેઇ જાએછે તે પરમાંણેનો છે.

(૧૧૬) અહુરમજદને માનવાની ભલી દીનનાં કામના વીચાર વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે ભલી મજદીઅસની દીનને લગતાં કામનો વીચાર ૨
લોકોમાં પ્રમાણીકપણું લાવીને, અપ્રમાણીક તથા ઐબ આપનારાં કામોનો અટકાવ કરવા સારૂં છે. અને તેથી ખલકનાં લોકોને (દોજખથી) છુટકારો મેલવવાનું તથા પોતાને સુખ આપવાનું છે. વળી દાદાર અહુર-

મજદે મજદીઅસની દીનને એહરેમનને હાણી પોંહચાડીને ખંલકને તેથી સુખ આપવા સારૂં મોકલેલીછે. તે દીનની મારફતે વાજબી રીતે એહરેમનને ટાલવાએ ખલકનાં લોકોને પવીત્ર બનાવવાં અને અહુરમજદની પેદાએશને સધલી સેવટની સહમજથી જુદી જુદી રીતે સારી રીતનો સીનગાર આપવોછે. એક બોદાએતાલાના વીચારથી સધલા યજદોની પ્રમાણીક કઉમત (માણસને) મલેછે. ક્રહીબુતે (યાને અપ્રમાંણીક), તથા અઇબીબુતે (યાને એબવનતું) એ બે દુરગુણવાલા આદમીઓ, ખરાબી કરનારા એહરેમનથી હમેશાં દરૂજની (બુરી) શકતી ધરાવનારાંછે. એ આદમીનાં પ્રમાણીકપણાંથી અહુરમજદનો ચહડતો દરજ્જોછે. એક (ક્રહીબુતે) પ્રમાણીકપણાથી વેગલો (ઇચ્છાને અપ્રમાંણીક) છે. અને બીજો (અઇબીબુતે) અહુરમજદની પેદાએશથી પ્રમાણીકપણાંનો અટકાવ કરનારોછે. (દુનીઆમાં) જે આદમી ક્રહીબુતેથી પોતાને દુર રાખીને પ્રમાણીકપણાંથી પોતાને ચલાવનારૂંછે, અને અઇબીબુતેથી પ્રમાંણીકપણાંને લીધે પોતાને દુર લેઇ જનારૂં હોએછે, તે આદમી મજદીઅસની દીનને લગતી અગમબુદ્ધીનાં કામે કરી દરએક નોકસાનથી પોતાને બચાવનારૂંછે. માણસને સધલી નેકી પવીત્ર ધરમની મારફતે મલેછે. વલી તે વીશે દીનના પેશવાઓએ કેહલુંછે કે, સધળાઓને સારૂં ભલી દીનનો યાને અહુરમજદની દીનનો શોક ઉતપન કરનારી એક વસ્તુ પ્રમાણીકપણું છે. અને એહરેમનની દીનનો શોક ઉતપન કરનાર ક્રહીબુતે અને અઇબીબુતે એ બે જણ છે.

૧ (૧૧૮) **જે એક દાનાઇથી ખલકના લોકોને (હલાકોથી) છુટકારો તથા ખુજોરગી મેલવવીછે, તે વીશે ભલી દીનને લગતો બોલાશો.**

જાણવું કે, જે એક દાનાઇથી અહુરમજદની સધલી પેદાએશને દરએક હલાકીથી છુટકારો મેલવવોછે તથા સધલી નેકીની મારફતે બુજોરગ બનવુંછે, તે (દાનાઇ) દાદારની એજમતી શકતીને સહમજવાની છે. વળી સધળાં આદમીઓને દાદારની એજમતી શકતીની સહ-

મન્ન મેલવવાએ તેઓ સઘળાં યન્નદાંને લગતા રેહછે. અને સઘળાં આદમીઓને દાદારની દીનમાંથી ઘટાડો કરનાર એબ આપનારો એહરેમન છે. ખલકનાં લોકોમાંથી જે શખ્સ ખલકને પવીતરાઇ અને તનપસીનને માટેનો છુટકારો આપનારો છે, તે અહુરમન્નદનાં પુરતાં નુરવાળો છે.

(૧૧૧) જે સલામતીવાળું આદમી છે, તે દર વખતે પોતાની જાતને આએ દીનને લગતાં લખાણો ઉપર વીશવાસ રાખવાથી સીનગારનારૂં અને સુધારનારૂં છે, તે વીશે ભલા દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, જે સલામતીવાળું (યાને આએ દુનીઆંમાં વગર કસુરે રેહનારૂં) આદમી છે, તે દર વખતે આએ (ભલી) દીનને લગતાં લખાણ ઉપરનાં એકીનથી પોતાની જાતને સીનગારનારૂં અને સુધારનારૂં છે. ભલી દીનને લગતા ફાએદાઓ (તે દીનને લગતા) ખાલેસ વીચારને લીધે છે. જે શખસ પોતે દીનનો શોક રાખનારો અને તેની યાદ કરનારો છે, તે આપ મતલબ વગરનો છે. અને તે દીનના પેશવાઓના હોકમને માનનારો છે. અને ગણેયાણુવન્ત ધરમી ઉસ્તાદની હજુરમાં કેળવણી લેઇને દીનનાં લખાંણોને સારો જેબ આપનારો છે. ૨

(૧૧૨) જે (આદમી) પ્રમાણીકપણાં વગરનું છે, તે અનીતીવાળા દરૂજની દાનાઈવાળું અને પાપી થાએલાં (એહરેમન) ની તરપૂની લડાઈ કરનારૂં છે. અને જે (આદમી) પાપીથાલા (એહરેમન) ને લગતું છે, તે અનીતીવાળા દરૂજની કુમખથી જગડો કરનારૂં છે. (વળી) કોઈ (આદમી) અનીતીવાળા દરૂજને લગતું હોએછે, પણ એહરેમનને લગતું નથી; કોઈ (આદમી) અનીતીવાળાના સંબંધવાળું નહી હોએચ અને એહરેમનના સંબંધવાળું હોએ છે; કોઈ (આદમી) અનીતીવાળા દરૂજ તથા એહરેમન મધેના કોઈના સંબંધવાળું નહી હોતું, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, જે (આદમી) પોતાની જાતની અંદર પ્રમાણીક દરૂજ તથા દાનાઇને ઠગનારી અનીતીવાળા (એહરેમન)ની ઉલટી ચાલચલણવાળી જાતને ૨

રાખનારૂં હોએછે, તે એબ આપનાર (એહરેમન) ની મદદથી લડાઇને
૩ બરપા કરનારૂં છે; જે (આદમી) દેવોની મોહટી શકતીવાલું છે, તે આએ
દુનીઆની સપાટી ઉપર અનીતીવાળા દરૂજની મદદથી એહરેમનને
૪ લાએકની (યાને શેતાનની મરજી મુજબની) લડાઇ ઉઠાવનારૂં છે. જે
આદમી અનીતીવાળા દરૂજને લગતું નહી હોએ, પણ એહરેમનને
લાએકનું હોય, તો તે આએ દુનીઆની સપાતી ઉપર વધારે જબડો
૫ ઉઠાવનારૂં છે. જે (આદમી) એહરેમનને લગતું નથી, તે લાએક
લોકોને સબાવત કરનારૂં અને બીજા સવાબનાં કાંમ કરનારૂં હોએછે.
૬ જે (આદમી) અનીતીવાળા દરૂજ તથા એહરેમન એ બેહુઆના કોઇને
લગતું નથી, તે અહુરમજદની મજદીયસની દીનને લગતી પવીતર
માગ્રેને પઢનારૂં છે.

૧ (૮૦૧) દીનને લગતી ઊલટ આપનારાં (આદમી) વીશે ભલી દીનને લગતો ખોલાશો.

૨ જાણવું કે, દીનને લગતી બખ્શેશ કરનારૂં આદમી દીનને લગતો
ધરમગુરૂ છે, તે જયાંસુધી આએ દુનીઆમાં આદમીએાને દીનને
લગતો ઉલટ આપનારો છે, ત્યાંસુધી તેને (બેાદાની તરફથી) સારી આએ-
પત મલેછે. પણ જો આદમીને દીનની બખ્શેશ કરનારો તે ધરમગુરૂ, તેને
લગતી દીનની બખ્શેશને (યાને દીનને લગતો બેાધ આપવાના કામને)
પાછું રાખે તો તેને (આવતી દુનીઆંમાં) દોજખનું મકાન મલેછે.
૩ જે દીનદાર આદમી જયાં સુધી તેની દીનને લગતા (ભલા યા
બુરા) મીનોને પોતાની અંદર રાખનારૂં છે, ત્યાં સુધી તે મીનો
તેને આએ દુનીઆમાં ચલાવનારો છે. તેમજ તે તેને આવતી
દુનીઆમાં પોંહચાડનારો છે. જો (માણસ પોતાની અંદર) ભલા મીનોને
રાખનારૂં હોએછે, તો તે તેહને રોશનીવાળાં મકાનમાં પોંહચાડેછે. અને
જો બુરા મીનોને રાંખનારૂં હોએછે, તો તે તેને અંધારાં મકાનમા
પોંહચાડેછે. માટે માણસે ભલા મીનોને (યાને સ્પંતોમઇનીઉશને) ખુશાં
રાખવો અને બુરા (અંધ્રમઇનીઉશ) ને ઇજા દેવી, કે તેથી તે ખુશી
આપનારાં મકાનને મેલવનારૂં થાએ.

(૯૦૧) **મીનોઇ દુનીઆંના નીઆધીશના તથા આએ દુનીઆંના નીઆધીશના ચુકાદાના વીચાર વીશે ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે મીનોઇ દુનીઆંનો ચુકાદો કરનારો નીઆધીશ, કીહાં કારણથી આદમી વગર ઇજાને માટેનું અને (દોજખથી) છુટકારો મેલવનારૂંછે, તેની તથા કોણ પોતાને લગતી (યાને આતમાને વાસતેની) વસ્તુવાળું છે, કોણ રાહનણ (અંધમઇનીઉશ) ની ઇછાવાળું છે, કોણ ચોરીના વીચારવાળું છે, અને કોણ સાચું તથા કોણ જુઠું છે. તેની પીછાણ પોતાની રોશનીવાળી આંખે (ઇઆને ગેબી સહમનથી) કરનારો છે. ૨

આએ દુનીઆંને લગતો ચુકાદો કરનારો નીઆધીશ, માણસને સાક્ષીથી છોડનાર તથા સજાથી વેગલું કરનારછે, કારણ કે મીનોઇ દુનીઆંનો નીઆધીશ ગેબી આંખે (યાને મીનોઇ શહમન સકતીથી) ખોલ્લી રીતે જોનારો (એટલે સહમનનારો) છે, તેમ આએ દુનીઆંનો નીઆધીશ સઘળી વસ્તુને જોનારો (ઇઆને સહમનનારો) નથી, પણ ખામીવાળો નીઆધીશ છે, તેથી તે વાદી તથા પ્રતીવાદીની સાક્ષી સાંભળીને જે કોઇ કેદથી દુર રાખવા જોગ તથા કાએદાથી સજા કરવા જોગ હોએ તેનો સરેશતા પરમાણે ચુકાદો કરનાર છે. ૩

(૯૦૨) **(આતમાને લગતી) સલામતીવાળા વચનો વીશે, ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, (આતમાને લગતી) સલામતીના (યાને જીવને બચાવનારા) સખુનો, દુખીઓને માટે કેહવા સજાવાર છે. કારણકે ઇરાનના રાજાઓ, પારકા રાજવાળાઓ સાથની લડાઇના વખતમાં, પારકાઓને સારૂં, આએ (નીચે જણાવેલી) તરણ બાબતની ભલામણ કરતા હતા. ૨

એક માણસની હયાતીને લગતી ઓત્તમ નેકીની, (ઇઆને તેઓના જાનનો બચાવ કરવાની). ૩

બીજી–ગોસપંદોને ઘાસ–દાનો આપવાની. ૪

અને ત્રીજી–લડવઇઆઓ આબાદ હાલતમાં રીહે તે માટે સારો ખોરાક આપવાની. ૫

૬ આએ એાતમ રસ્તેા બતલાવનારેા ઇરાંનનેા યજદાંપરસ્ત પાદશાહ મીનેાચેહર હતેા. અને તેણે કેદીએાને દીનનાં ફરમાન મુજબ ખુબીથી રાખવા સારૂં–ગેાસપંદાને વગર ધાસ્તીએ રાખવા ઘાસ દાંનેા આપવા સારૂં અને લડવઇઆએાને આબાદ હાલતમાં રેહવા માંટે સારેા ખેારાક આપવાની સખાવતને લગતી ભલામણ કરી હતી. અને તે પારકાં રાજવાળા દુખી લડવઇઆએાને છુટકારેા આપવાની તે (પાદશાહે) ભલામણ કરવાથી ઇરાનીએાને બીજાં રાજવાળાએા ઉપર ફતેહ મલી હતી.

૭ દીનનાં ખરાં ફરમાન મુજબ (માણસની) જીનદગીનેા બચાવ કરવામાં નેકી કાએ નહી હેાએ ?

૮ ગેાસપંદાને વગર ધાસ્તીએ પાળવા સારૂં ઘાસ–દાનેા ખેારાક તરીકે આપવેા વાજબી કાંએ નહી હેાએ ?

૯ જે બુરા લેાકેાએ આગમચથી ખેારાકીની વસ્તુને ખરીદેલી હેાએ, તેએાને કીમત આપીને, રઇઅતને સુખી રાખનારા લડવઇઆએાને ખેારાકને સારૂં તે આપવામાં (રઇઅતને) શુખ મળેલું કાંએ નહી કેહવાએ !

૧ (૪૦૯) **કાએદાસરની નેકી વીશે, ભલી દીનને લગતેા ખેાલાસેા.**

૨ જાણવું કે, ખલકના લેાકેાને કાએદાસરની નેકી સચાઇથી છે. અને જે લેાકેા સાચવટવાળા છે, તેએા વગર શકે (આદમીના) ભલા મદદગારછે અને અગમબુદ્ધીવાળા તથા સઘળી સહમજ ધરાવનારા દાદાર અહુરમજદના તાબેદાર છે.

૧ (૪૧૦) **વગર ધાસ્તીવાલી જીનદગી વીશે, ભલી દીનને લગતેા ખેાલાસેા.**

૨ જાણવું કે, (આએ) ધાતવાલી દુનીઆંની અંદર, એક હુશીઆર માણસ, વગર ધાસ્તીએ (પેાતાની) જીનદગી ગુજારી શકે તેવું બનેલું નથી;

કારણુકે, કબુ તે વાધ અને મુજી જાનવરોથી વગર ધાસ્તીવાલું રેહી શકે, પણ ચોર—લશકર—ઉલટી દીનની કેળવણી આપનાર આશનોગ તથા બુરા હાકમથી વગર ધાસ્તીએ રેહી શકે નહી. જે કબુ તેઓથીબી કોઇ વગર ધાસ્તીએ રહી શકે તેા, તે મોતના દેવથી અને બીજી ઘણીએક ગેબી ધાતથી, વગર ધાસ્તીની જીંદગી ગુજરી શકવાનું નથી. પણ હયાતીવાળાં આદમીને ખોદાએતાલાની તરફથી આએ દુનીઆમાં વગર ધાસ્તીએ જીવવું, તનપસીનના વગર ધાતના વખતની અંદર થાશે. કારણુકે આએ ધાતવાલી દુનીઆંની અંદર જે કોઇ આદમી ધાસ્તી વગરનું થાશે, તે સેવટના તનપસીનના વગર ધાતના વખતની અંદર થાશે. આએ વેળા અહુરમજદી વીચારની ફતેહથી (એટલે જે અહુરમજદના વીચારો દુનીઆંમાં ફેલાવાથી) ઇનસાનોની અહડતે દરજ્જેની જીંદગી છે.

(૮૦૫) આદમીઓની પરવરશી અને તેઓના છુટકારા વીશે, ભલી દીનને લગતેા ખોલાસેા.

જાણવું કે, ભલી દીનના ઉસ્તાદની તરફથી રવાનને વાસ્તે ઓત્તમ ચાલની તથા પવીત્રાઇને માટેની કેલવણી તથા સહમજ માણસને આપવાએ, તેનેા (દોજખથી) છુટકારેા થાએછે. આદમીનાં બદનની પરવરશી દુનીઆંની અંદર સખાવતથી તથા આદમીને સુખી રાખનારા સુખવંતા (પાદશાહ) થી થાએછે. સખાવતવાળા શખ્સેા ત્રણ તરેહના છે અને તે આએ પ્રમાણેના છે. પેહલું—જેઓ પુણને લગતા શોકથી સખાવત કરનારા છે, તેઓનું નામ ધરમી સખાવત કરનાર છે. બીજું—જેઓ હમજાતવાલાઓને પેઆરથી સખાવત કરનારા છે, તેઓનું નામ વગર એબની સખાવત કરનારા છે. અને ત્રીજું જેઓ કરજીને પેઆરથી બખશેશ કરનાર હોએ, તેઓનું નામ વીસવાસુઓને સખાવત કરનાર છે. જેઓ આએ ત્રણ તરીકા વગરની સખાવત કરનારા હોએચ, તેઓનું નામ બુરી સખાવત કરનાર તરીકે છે.

૧ (૯૦૪) **આદમીઓની અંદર જે ઘણુંજ ઓત્તમ અને જે ઘણુંજ બુરૂં આદમી છે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, આદમીની અંદર જે ઘણું ઓત્તમ આદમી છે, તે ભલી દીનની સહમનથી છે. કારણકે રવાનને સારૂં સરવેથી ઓત્તમ ચીજ અશોઇને કહેલીછે, અને તેથી (આદમી) દોજખથી છુટકારો મેલવેછે. અને અગત કરીને બેહશતનું મકાન ભલી દીનને લગતી સહમનથી માણસને મલેછે.

૩ આદમીઓની અંદર ઘણુંજ બુરૂં આદમી અગત કરીને ભલી દીનની સહમન વગર બનેછે.

૪ તે બુરાઓના રાજાઓની અંદર જે રાજા તેઓના ધરમગુરૂ તરીકે હોએછે, તે અંધ્રમઇનીયુશની બરાબરના કેહવાએછે. અને તેજ કારણસર જે બુરો ધરમગુરૂ મનદીઅસની દીનને લગતી એનમતી સહમન વગરનો હોએછે, તેને દીનની અંદર બુરી સહમનવાલો ગણેલોછે.

૧ (૯૦૮) **બેશારતની મદદ મેલવવા સારૂં, જેથી યજદોની યાદ કરવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, ભલા મીનો યજદોની યાદ કરવાએ, માણસને તે યજદોની તરફથી બેશારત થાએછે. અને તે યજદાંની મદદવાળું આદમી બેહુ દુનીઆમાં ઓત્તમ રેહછે. વળી (અશો) જરતોશતે યજદાંથી ચાહેલી મોરાદ આપણને જણાએલીછે, કે હું પેદાએશની અંદર ભલો સરદાર (યાને મનદીઅસની દીનની રેહનોમાઇ કરનાર) થાઉં, તે મખ્શેશ તમો મને કરો !

૩ બુરા મીનોની યાદ કરવાથી આદમીને દેવોની આએપત મલેછે, તેથી બેહુ જેહાંનમાં તે ઘણુંજ બુરૂં હોએછે. જેમકે ખલકનો ઘટાડો કરનારા તાજની બુનીઆદના જોહાકને હેશમ દેવની યાદ કરવાએ, એહરે-

મનની તરફથી ગરદનની નીચેનાં હાડકામાંથી સીંગણાના આકારના પેદાએશને ડંખનારા કેરમો (યાને સાંપો) નીકલેલા જણાયા હતા.*

(૩૦૧) આદમીઓના આતમાને નોકસાંન કરનારા ઊપરી જોહાકની કીરતી વીશે ભલો દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, આદમીઓની ઉપર જોહાકની વધુ કીરતી, આએ બે ૨
તરીકાથી હતી. એક તો તેનામાં બુરી દીનવાળી અકલની પુરતી ૩
કઉઅત હતી. બીજી તો તે લોકોના ઉદ્દીઓગને લગતી ઉલટને નોકસાંન ૪
કરનારો હતો. અને તે જોહાકની અંદર બુરી મદદ કરનારી બે ઘાતકી ૫
સકતી હતી. તેમાં એક તેની ઉપર હોકમ કરનાર અંધમઇનીઉશની ઉલટી બુદ્ધી અને બીજી ઉદ્દીઓગની કીરતીને ખરાબ કરનારી આલસાઇવાળી બુરી સકતી હતી.

---

* શાહનામાં મધે લખ્યેછે કે શેતાન માણસનાં રૂપમાં પાદશાહ જોહાકનો બાવરચી થએલો હતો, તેનું પકવાંન જોહાકને ઘણું ખુશ લાગવાથી, તેની જે ઇચ્છા હોએ તે બક્ષશવાની તેણે મરજી બતાવી, તે ઉપરથી જોહાકનાં બેહુ ખભાં ઉપર બોસો લેવાની તેણે બાહેશ જણાવી, તે જગોએ ચુંમી લેવાથી, જોહાકનાં બેહુ ખભાં ઉપર બે સીગનાંની માફકના બે સાંપ નીકલી આવયા હતા. જે વીશે શાએર ફીરદોસી પોતાનાં લખાંણુમાં નીચે મુજબ લખી ગીએોછે.

بفرمود تا ديو چون جفت اوي همي بوسه داد بر كتف اوي
چو بوشيد و شد بر زمين ناپديد كس اندر جهان اين شگفتي نديد
دو مارسيه از دو كتفش برست غميق كشت و از هرسوئي چارة جست

પાક અવસ્તામાં જોહાકને ત્રણ બોહડાંનો—ત્રણ માથાંનો અને છ આંખનો ઇત્યાદી વીશેષણ લગાડેલાંછે, તેને જો તેની બાતેનની બુરી બસલત નહી ગણીએ અને તેને ઉપલા બે સાંપના રૂપમાં લીજીએ, તો અવસ્તાથીભી ઉપલી બાબત પુરવાર થાએછે.

૧ (૫૧૦) **મજદયસ્નની દીનના તરીકાના સંબંધથી (આદમીની અંદર) સઘળા સારા ગુણો ઉતપન થનારછે, તેજ પરમાણે યાહુદીની જાદુઇ (ની દીન) થી (આદમીની અંદર) બદીને લગતી દરએક એબ ઉતપન થનારછે, તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, મજદીઅસની દીનના તરીકાના સંબંધથી દુનીઆંમાં સઘળા સારા ગુણોની ઉતપનતીનું ચાલુ રેહવુંછે. અને દેવને લગતી જાદુઇવાળી યાહુદીની દીનથી (દુનીઆંમાં) સઘળી એબોની ઉતપનતી જણાએલીછે. તેથી મજદીઅસની દીનવાળાથી દુનીઆનો વધારો થવોછે અને યાહુદીની જાદુઇથી દુનીઆંની ખરાબી થવી છે.

૩ (માણસમાં) સંતોષ—ઉદ્દીએોગ—ઉલટ—ખોદાની તાબેદારીનો વીચાર—મરવત—મોહોટાઇ—બરદાશત કરવાની શકતી—નીતી—અકલની ખેદ—સારૂં સંભલાંણુ—શભીયતા—મોહટું દીલ—સખાવત—સચ્ચાઇ—વફાદારી—નેક મતલબ અને બીજા સારા ગુણો મજદીઅસની દીનની તાલીમ આપનારી ખોદાઇ અકલની મારફતે મલેછે. અને તે શકતી ધરાવનારૂં આદમી દુનીઆંનો વધારો કરનારૂંછે.

૪ લોભ—વેર—વગરઉદ્દીએોગે રેહવું—આળસાઇ—મગરૂરી—અકુનમ—તુનદી—અદેખાઇ—અનીતી—અજ્ઞાનપણું—આપમતલબ—નાફરમાની—દીનની બાબત સાંભળવાનું બહેરપણુ—બખીલાઇ—જીઠાઇ—નીમખહરામી—બદદીઆનત—અને બીજા દુરગુણો યાહુદીની જાદુઇ (વાલી દીન) થી છે. અને તે ઉલટી અકલવાલી નબલી કઉઅતથી દુનીઆંને નોકસાંન કરનારછે.

૧ (૫૧૧) **રયતને બંધે દુનીઆંની ખુશીને માટે સુધારનાર, તથા રયતને દુઃખ દેનાર (રાજા) વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, જે કોઇ બેહુ દુનીઆંની ખુશીને માટે રયતને સુધારનારો (રાજા) છે, તે આએ દુનીઆંની વગર એબની હકુમતવાળો છે. જે

તેને લગતા ધરમની પુરતી કઉઅતવાલી (રયતની) બરદાશત કરવા સારૂં, ખોદાઇ અકલની તેમાં બેહદ ઉતપનતી કરનારોછે; તે (પાદશાહ), તે (કામ) થી કેશવરમાં આબાદી કરનારો તથા બેહશતની ખુશી—અને બુનોરગીવાળો તથા નેકી સાથની નામદારી મેલવનારોછે.

જે (રાજા) રયતને દુઃખ દેનારોછે, તે આએ દુનીઆંના સુખને ૩
હાંણી પોહચાડનારો અને મીનોઇ દુનીઆંની કંગાલીઅત અને દોજખની બદીના હમેશના સંબંધવાળો છે.

(૩।૪) દાદાર અહુરમજદની દોસ્તી પેહલ્લાં, કીહાં આદમીની ૧ અંદર થાઈ હતી· અને તેનો પેગામ લેઈ જાનાર કોણ હતું· તે વીશે ભલી દીનને લગતો ખોલાસો·

જાણવું કે, આએ તનોમંદ દુનીઆંમાં પેહલ્લાં ગયોમરદને ખોદાની દીનનો પેગામ પોહચાડનાર તથા કેળવણી આપનાર ગેબી યજદો હતા.* ૨
અને વળી બીજી વખતે તે કેહવું અને બતલાવવું મશીય અને ૩
મશીયાંનેને સારૂં થઇઉં હતું.† અને તે દીનની દોસ્તીવાલી ૪
નસીહતનો પેગામ પેહલ્લા મશીયના દીકરા સીઆમક અને તેનાં ફરજંદોને બેહમન અને સરોશના સંબંધની મારફતે મોકલેઆમાં આવેઓ હતો. અને ઇરાનવેજથી બીજાં ભલાં પરેહજગાર આદમીઓની ૫
ઉપર તે પેગામ લેઇ જનારાઓનો પેગામ, દુનીઆના લોકોની પાએદારીને

---

* જુઓ એ વીશેની શાહદતમાં ફરવરદીન યશતનો ૨૪ મો કરદો અને ૮૭ મો ફકરો.

† ખુરદેહશને કેતાબમાં અવસ્તાને આધારે જણાવેલું છે કે :—

[illegible]

મશીય અને મશીયાંનિને અહુરમજદે કહયું હતું કે, તમો આદમી છેઓ, તે દુનીઆંનાં માબાપ તરીકે છેઓ; હું એ તમોને મારી બંદગીને લગતો ઓત્તમ વીચાર બક્ષેલોછે, તેથી તમો દીનનાં કામ નમનતાઈ ભરેલા વીચારથી કરજો, નેક વીચાર કરજો, ખુબીવંતું બોલજો અને સારાં કામ કરજો, દેવોને માનતા ના.

સારૂં, "સરસવક ગાએ" (યાને કાએદા મુજબ દરીએા ખેદનારી ગાએના આકારની કીશતી) ની મારફતે દરીઆઇ મારગે લેઇ જવામાં આવેએા હતેા.* તથા જમીન ઉપર જગેા જગેાએ લેઇ જવામાં આવેએા હતેા. કે દુનીઆમાં હકત કેશવરની જમીનની અંદર વસેલાં સઘલાં હયાતીવાળાં આદમીએા દુનીઆમાં તે દીનથી પુરતી રીતે ચાલી શકે.

૧ (૮૧૪) **(માણસને) મજદીઅસની દીનનેા સંબંધ, ખેાદાઇ અકલની કઉઅતને સારૂં છે. તે વીશે ભલી દીનને લગતેા ખેાલાસેા.**

૨ જાણવું કે, મજદીઅસની દીનની સહમજને (માણસે) કબુલ રાખવાનેા સબબ, ખેાદાઇ અકલને નમવા (યાને માન આપવા) સારૂં છે. ખેાદાઇ અકલની બુજોરગી મજદીઅસની દીનના સખુનેાથી જણાએેલી છે. તેમજ આએે મજદીઅસની દીન ખેાદાઇ અકલની કઉઅત છે. અને તેજ સબબને લીધે મજદીઅસની દીનના વચન તે ખેાદાઇ અકલના વચન છે. જેએા છે—થાઇ ગીઆ અને થાશે તે દરએેકને લગતા ખેાદાઇ અકલના વચન, મજદીઅસની દીનની અંદર છે. જેથી ખેાદાઇ અકલ પેાતે મજદીઅસની દીન છે. અને મજદીઅસની દીન પેાતે થાઇ ગએેલા—છે અને થાસે તેએાને લગતી ખેાદાઇ અકલ છે. મજદીઅસની દીનની સચ્ચાઇ—અને ભલાઇની કઉઅતે કરી, બુરી દીનથી જે ફાવનારા લેાકેા હેાએે, તે સઘળાં આદમીએાને, તનેામંદ દુનીઆંમાં જે સુધારનારેા શખ્સ છે, તે (ભલી દીનથી સુધરેલાં) આદમીના વીચાર, વચન અને કરવાના કામની અંદર, તે કામ કરનારાં (આદમીએા) ના ખરેખરા ભાગીઆ તરીકે છે. જેઆરે તનેામંદ દુનીઆં સઘળી રીતે સચ્ચાઇ અને ભલાઇની અંદર પેાંહચશે, તેઆરે તેથી દરૂજો વગર તેજના થાશે. અને જે અંધમઇનીઉશ દરૂજના લશકરવાળેા, છે તેની બદી, પેદાએેશની અંદરથી તુટશે. અને ફશેાકરેતના (યાને છેલા સુધારાના) વખતમાં, અહુરમજદની સઘળી પેદાએેશ દુનીઆંમાં હમેશની નેકીવાળી થાશે.

---

* એ વીશેનું વરણન બુન્દેહશને કેતાબમાં આવેલું છે. જુવેા વેસ્ટરગાર્ડ સફેા ૪૫ મેા.

જે ધરમગુરૂઓ તે બોદાઇ દીનને કબુલ કરનારા નથી, તેઓ બોદાઇ ૩
અકલની તરફ નહી આવવાથી, તેઓ ભલાઓને લગતા નથી; પણ વરૂજને (યાને ઉલટા વીચારવાળી શકતીને) પસંદ કરવાથી, તેઓના ધરમના કલાંમો, બોદાઇ બુદ્ધીને કજલાવનારા અને ઉલટા વીચારને વધારનારા છે. અને તેઓનો મજહબ બોદાઇ અકલનાં ફરમાંનો અને અહુરમજદના વીચારો વગરનોછે. તેઓ દેખઇતા ઉલટા વીચારવાળા (વરૂન) ના ફરમાનો વાળા તથા દરૂજના (યાને અંધ્રમઇનીઉશના) વીચારવાળા છે.

(૮।૯) **સારી જાતવાળાં તથા ખરાબ જાતવાળાં મુળ વીશે—તથા સારી જાતવાળાંને નેકજાત બનવું, સારી ઊલટે કરીછે. તથા ખરાબ જાતવાળાંને બુરા જોરસાવાળું બનવું, બુરી ઊલટે કરીછે. અને ઈજા દેનારા લોકો ખરાબ હયાતીવાળા, (અંધ્રમઇનીઊશ) ને લગતા છે. તે વીશે ભલી દીનને લગતો બોલાશો.** ૧

જાણવું કે, સારી જાતવાળું આદમી હમેશાં યજદને લગતું રેહેછે. ૨
અને બુરા દેખાવવાળું આદમી હમેશાં દેવને લગતું રેહછે. યજદો ૩
સઘળાં આદમીઓને સારી જાતવાળાં કરવાને માટેના છે. તથા દેવો સઘળાં-
ઓને બુરી જાતવાળાં બનાવવાને માટેના છે. આદમીને ઘાતકી બનવું, ૪
સારી જાતવાળા (યજદ) થી બુરી જાતવાળા (દેવ) ની તરફ ફરવાએછે. માટે યજદોને લગતું (રવાંન) સારી જાતવાળું, અશોઇથી છે. અને (દેવને લગતી) બુરી જાતવાળું (રવાંન) પાપથી છે. જે (આદમી) બુરી જાતવાળાં છે, તે પેલા પાપી (અંધ્રમઇનીઉશ) ને લગતાંછે. અને જે સારી જાતવાળાં છે, તે પેલા અશો (સ્પંતોમઇનીઉશ) ને લગતાંછે. કારણકે જે સારી જાતવાળું આદમી છે, તે તનદોરસ્તી, જવાંની, છુટાપણું, પવીતરાઇ, ખુશબોઇ, ઉદ્દીઓગ, કોશેશ, સખાવત, સચ્ચાઇ અને બીજા સારા ગુણોથી છે. તથા જે બુરી જાતવાળું આદમી છે, તે બીમારી, જઇફી, કંગાલીઅત, નજીસી, ગંધકી, બેરોજગારી, આળસાઇ, બખીલી, બોટારૂં અને બીજા દુરગુણોથી છે. આએ સબબથી સઘળા બુરી જાતવાળાઓના તરીકાને, નેક જાતવાળાના

કેટલાએક તરીકાઓની સાંભણે ગણેલાછે. માટે (આદમીએ તે બુરા તરીકાથી) તુરત ફરવું વટારત છે. અને તેજ વીચારથી, ગોસ્પંદો અને બીજી જાતોની અંદરથી, તે (દુરગુણો) નાં મેલાપને જલદીથી ફેરવવો. ખરાબ લોકોને સારા મજહબમાં, અને સારા મજહબવાળાને બુરાઇથી જલદીથી ફેરવવા, કે જેથી તેવો સવાબને લગતાં કામ કરે.

૧ (૮।૦) **અગમબુદ્ધીવાળો સખ્સ સખુન સાંભળનારા સખ્સને સખુન કેહવાથી, (લોકોને) ફાએદાકારક રીતે ચલાવનારછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, અગમબુદ્ધીવાળા શખ્સે, તેની આગળ આવનારા સખુનની સહમજ ધરાવનાર શાગેરદને, તેની જાતને દુનીઆમાં ફાએદાકારક રીતે ચલાવવાના સખુનો કેહવા સજાવાર છે. પણ તે અગમબુદ્ધીવાળો સખુન કેહનાર, જો તેની આગળ નહી આવનારા સખુનની સહમજ ધરાવનાર શાગેરદને લીધે, આદમીઓને પોતાના કેહવાનો ફાએદો આપવો અટકાવે, તો તે એવી રીતનોછે કે, જેમ એક ખેતીબાન (જમીનમાં) ઘણું પાણી હોવા છતાં તેને વગર ફાએદાવાળી તથા ભાજીપાલા અને કાંદાનાં
૩ ફળો વગરની રાખનારછે. અને અગમબુદ્ધીવાળા સખુન કેહનારની આગળ, સખુનની સહમજ ધરાવનારા શાગેરદના આવવાએ, દુનીઆમાં મીઠાસદાર સખુનોનું, ખુબીવંતાં પાણીની માફક ફાએદાને માટે ચાલુ રેહવું છે.

૧ (૮।૧) **આતમાને ખાણાં-પીનાથી, હુશીઆર રેહેવુંછે. તથા બદનને તેથી જાલવી રાખવુંછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, આતમા આમેજશવાળાં બદનની અંદર સુધારો કરવાએ (પોતાની) અમરગીને વાસતેનો છે. બદનને પાએદાર રાખવું, એ ખોરાકે

કરીછે. અને બદનની પાએદારીને સારૂ બદનમાં ખોરાક જોઇએછે.* વગર ખોરાકે તે વગર ઉપાએનું તથા વગર જોસ્સાવાળું થાએછે. ખોરાક નહી ૩
મલવાએ ભુખના ગલબાનું તેની ઉપર ફાવવું છે. ખોરદાદ અને અમરદાદને લગતા ખાણાં પીનાને તેનીથી અટકાવનારો શખ્સ, તેહને હીલચાલ કરવાના જોસ્સાથી બંધ કરેછે. તેને મદદ કરનારો ખોરાક ભુખના ગલબાની સામણે લડત કરનારછે. જેયારે બદન, ખોરદાદ અને અમરદાદના ખાણાંપીણાંના હીસ્સાથી બંધ પડેછે, ત્યારે ખોરાકની મદદ તેને નહી મલવાથી, ભુખનો ગલબો તેની ઉપર પડવાએ, તે વગર તેજનું થાએછે. અને આતમાથી બદનની અંદર સુધારો થાઇ શકતો નથી. અને આતમાના બદનની અંદરના સુધારા વગર, બદનને મરણ પામવું છે.

(૮૧૧) આદમીની કાયાને મોતવાલી અને વગર મોતની બનવા વીશે, ભલા દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, મોતવાળાં (આદમી) એાની કાયાને મોતવાલી બનવું ૨
(યાને દુખવન્તી થવું), ઉલટી જાતવાળા એહરેમનના (તેની સાથના) મેલાપથી છે. અને તેથી એહરેમનના મેલાપવાળાં સતર પાયાની નીચેનાં મકાનમાં, (યાને દોજખમાં) તે (આદમી) નું રેહઠાણ થાએછે. દાદારની પેદાએશવાળા-એાની અંદર એહરેમનનો મેલાપ, તે (એહેરેમન) નો અટકાવ તેએાથી નહી કરવાના સબબથી છે. તે એહરેમનનો આદમીએાની અંદરનો બેહદ રીતનો ચાલુ સંબંધ, તેના મેલાપથી (તેએાને) મોતમંદ (યાને દુઃખવન્તાં) થાએ તે વીશેનો છે. લોકોને લગતો ફરશોકન્તના સંબંધને માટેનો ફાએદો, તે

* વંદીદાદની ૩ જી પ્રગરદના ૩૩ માં ફકરામાં પાક દાદારે આએ રીતે ફરમાવેલું છે કે:—

ખરેખર સઘળી કાયાવાળી પેદાએશ બાધાથી જીવેછે અને વગર બાધે મરેછે; વગર ખોરાકે કોઇને સકતી રેહતી નથી. વગર ખોરાકે નેકીનાં કામ કરવાને—તુરૂપતી મેળવવાને અને ફરજંદની દોલતને લાએક કોઇ થાઇ શકવાનું નથી.

એહરેમનની એબ અને મોતવાલી નોકસાનકારક ઇચ્છાથી, પોતાને પાછું ફેરવવાએ છે. જેથી સેવટે એહરેમન પોતે મોતવાળો (યાને દુઃખવંતો) છે.

૩ (માણસોને) અમરગી, અમેશાસ્પંદોની સાથના સંબંધે જીંદગી ગુજારનારાં થવાથી, અને સતરપાયા—માહપાયા અને ખોરશેદ પાયાનું ચહડતે દરજ્જેનુ રેહઠાણ મેળવવાથી છે. અને ખલકનાં લોકોને તે ફાએદો કરનારા, ફશકરેતેને (યાને છેલ્લા સુધારાને) લગતા લોકોને ભાષાણુની મારફતે દર વખતે સહમજ આપનારા અને સેવટનો સુધારો કરનારા (પેગમબરો અને પાદશાહો) છે.

૧ (૮।૧૮) મોત અને એબની સખતી ઊપજાવનારી કઊઅત વીશે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, મોત અને એબને લગતી સખ્તી ઉપજાવનારી કઉઅતો આએ પ્રમાણેની છે, જે કોઇ મોતવાળો છે તે એબની સહમજ મેલવેલો છે. મોતની લડાઇ બેમાલુમ રીતે કુશેશ કરનારી છે. આએ દુનીઆંનું દરએક માણસ પોતે મોત અને એબની તરફ દોડનારૂં છે. જેમકે ફરેબ આપનાર (એહરેમન) થી, જેહાક પોતે મોત અને એબની તરફ, દાદારની તરફની આપેલી ફરમાંનની સહમજ છતાં ફરેબો હતો. અને પોતાની ઇચ્છાથી આએ દુનીઆંનાં માણસોની હયાતીને વગર દુરઅંદેશીએ અને વગર જરૂરે ખરાબ કરનાર તરીકે જણાયો હતો.

૧ (૮।૧૯) અંધ્રમઇનીઉશની ઊપર સ્પેનામીનોની શેવટની પ્રતેહ, ચહડતે દરજ્જેના કઉઅતથી છે. તે વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, અંધ્રમઇનીઉશની ઉપર સ્પેનામીનોની શેવટની ફતેહ ચહડતે દરજ્જેના પુરતાં કઉઅતથી છે. કારણુકે, અંધ્રમઇનીઉશની ઉપર સ્પેનતોમઇનીઉશ, તેની સઘલા ઉપાએઓને લગતી એક સંપુરણ સહમજના

વીશેશ બલના વધારાથી છે. અંધ્રમઇનીઉશને તેના અંન્તને માટેનો ઉપાએ કેહવી રીતનો છે, તેને લગતી સહમજ નહી હોવાથી, અંધ્રમઇનીઉશ પોતાને લગતો ઉપાએ આગમચથી કરી શકવાનો નથી.

(૮૧૦) **ભલા લોકોને બુરા લોકોના માર તથા ઈજા દેવાથી સાચવવાએ તથા ખુશ રાખવાએ, (આદમીને) ચહડતે દરજ્જેનો બદલો મેળવવોછે. અને ભલા લોકોને મારનારા તથા ઈજા દેનારા બુરા લોકોનો સંભાલ કરવાથી તથા (તેઓને) ખુશી રાખવાથી, (આદમીને) મોહટી સજા અમલીછે. તે વીશે ભલી દીનને લગતો બોલાસો.** ૧

જાણવું કે, દરએક ભલાને જાલવવાનું તથા ખુશ રાખવાનું જે કારણ છે, તે ઘણાએક બુરાઓને (બુરાઇ કરવાથી) સાચવી રાખવાનું અને તેઓને રાજી રાખી કાએદાસર ચલાવી લાએક બનાવવાનું છે. અને ઘણાએક બુરાઓને સજા કરવાનું અને ઈજા દેવાનું કારણ, તેઓને કાએદાસર નહી ચાલવાને લીધેછે. ૨

જેમ દરએક ભલાને સજા કરવા અને દુખ દેવા કરતાં ઘણીએક રીતે તેને અમરગીને સારૂં સુધારવાનો દેખઇતો સબબ છે. તેમ બુરાંઓના માર અને દુઃખથી ભલાઓને જાલવવાનો અને તેઓને ખુશ રાખવાનો બદલો ઘણો બુજોરગ છે. અને બુરાઓથી ભલાઓને મારવા તથા દુખ દેવા સારૂં (બુરાઓને) જાલવવા અને તેઓને ખુશ રાખવાની મોહટી સજા છે. ૩

(૮૧૧) **દુઆ અને બદ દુઆ પોંહચવા વીશે, ભલી દીનને લગતો બોલાસો.** ૧

જાણવું કે, નેક દુઆ તથા બદ દુઆની અસર, તેને લગતા વખત ઉપર પોંહચી શકેછે. નેક દુઆ કરવી—નેક દુઆને માટેના કામને સારૂં છે. અને બદ દુઆ—તેને લાએકનાં કામથી છે. નેક દુઆ અને ૨

બદ દુઆનું લાગવું, જે શખ્સ તેના કામથી નેક દુઆ અને બદ દુઆને લાએકનો હોએછે તેને તેના વખત ઉપર છે. જેનું કામ જેવું હોએ, તે માફક તે ઉપર નેક દુઆ કરવી છે. દુઆ કરનારાઓની અંદર ફરેદુન (પાદશાહ) નેક દુઆ કરનાર તથા બદ દુઆ કરનાર તરીકે હતો; સબબ કે ફરેદુને નેરીએાસંગ* ની હજુરમાં ખોદાતાલાથી માંગીઉં હતું કે, "એ ખોદા! પેલા પશ્ચમના હાકમો તરીકે ગણાએછે, તેઓની ઉપર તું મને હીમતવાન કર. (એટલેજે તુરાન અને ચીનના રાજા તુર અને સેલમની ઉપર હું ફતેહ મેલવું તેવી હીમત તું મને બખ્શ). કે તેઓનું દરજાવાળું કામ (યાને હકુમત) તેઓથી દુર થાએ. અને તે દરએક છોકરાને તેની

---

* નેરીએાસંગ—આફરીને અરદાફરૂશમાં તથા આતશ નીઆએશના પાક અવસ્તામાં 'નેરીએાસંગ' નામના આતશને સરવેથી બુજોરગ ગણેલોછે. 'બુન્દેહશને' માં પાંચ જાતના આતશોનું વરણુન આપેલું છે, તેમાં એ આતશનું નામ આવેલું નથી. પણ આતશ નીઆએશમાં તેને પાદશાહી ખાનદાનને લગતો કહેલોછે. જેમ કે:

'સઘળા આતશોની અંદર અહુરમજદનાં અંકસવાળા નેરીએાસંગ યજદને લગતો પાદશાહી ખાનદાનનો સંબંધ ધરાવનારો આતશ છે.'

ઉપલા અવસ્તાની પેહલવી શરેહની અંદર 'પાદશાહી ખાનદાનનો સંબંધ ધરાવનાર' એબારતનો ખોલાસો એવી રીતે કરેલોછે, કે તે નેરીએાસંગ યજદને લગતાં અહુરમજદી નુરના પ્રતાપથી, મોભાદાર અને પ્રતાપવાળા હાકમો—પાદશાહો—પરેહજગાર લોકો અને બુજોરગવારોની ઓલાદ તથા ખાનદાનને (ખરાબ અવસ્થામાંથી) પાછું સુધરવું છે.

આએ નેરીએાસંગ નામના આતશને પેશદાદીઆંન પેહલા પાદશાહ હોશંગના વખતમાં સરવેથી પેહલાં આએ દુનીઆંમાં પાહડ ઉપર જશન કરીને કેમલા તરીકે તખતનશીન કરેએો હતો. અને તે જશનને પાદશાહ હોશંગે جشن سده 'જશને સદે' કરી નામ આપીઉં હતું. પણ ફારસીમાં جشن سده જશને શદે—ને બદલે جشن سده થાએલું છે; કેમકે અવસ્તાના ... ખ્સઇતિ—ખોલ ઉપરથી جشن શદ ખોલ નુર અથવા રોશનીને વાસ્તે વપરાએલોછે. શાએર ફીરદોસીએ વીશે પોતાનાં બનાવેલા શાહનામા મધે નીચે મુજબ લખી ગીએોછે :—

દુઆથી (યાને ફરેદુનના આશીરવાદથી) મળેલી જાહોજલાલી જતી રહે." આએ હાએ અફસોસ સાથની બદ દુઆની અસર, તેના ઘટતા વખત ઉપર (તેઓને) પોંહચી હતી.

વળી ફરેદુને તેના તે છોકરાઓને (પાદશાહી આપતી વખતે) ૩
પોતાની તરફથી દુઆ કરીને કહીઉં હતું કે "હું તમારી ઉપર પાદશાહ છેઉં, આએ દોલત તમોને હુંએ આપેલીછે, જાંહાંસુધી તમો યઝદી ખોરેહ અને નુરથી ફરસો નહી, (યાને પાક દાદારનાં અને માહરાં ફરમાંન મુજબ ચાલસો) ત્યાંસુધી જેબી દોલત તમો મારી પાસે માંગશો તે દરએક વસ્તુ હું તમોને આપશ. અને હવે પછે જેબી દોલત તમોને મલે તે દરએક વસ્તુ તમોને મુબારક થજો." આએ પરમાણે જે નેક દુઆ કરનારો હોએછે, તે બદ દુઆ કરનારો થાએછે. વળી જેમ નેક દુઆવાળાઓને નેક દુઆ લાગેછે, તેમજ તેઓને બદ દુઆબી લાગેછે. નેક માણસની દુઆનું કામ, જે કોઇ તે નેક દુઆને લાએકનું હોએછે, તેને કારગર થાએછે. તેમજ તેની બદ દુઆના કામની પણ અસર થાએછે. સારી દુઆવાળું માણસ જેવારે બદ દુઆને માટેનું થાએછે, ત્યારેજ તેને બદ દુઆ લાએકની થાએછે. અને બદ દુઆની યોગીયતાથી તે બુરો થાયછે. તથા તે બુરો, ઇજા અને દુખ ભોગવેછે. એજ પરમાણે લાએકીવાળો ફાએદેમંદ શખ્સ ખુશ રેહવાજોગ ભલાઇવાળો રહેછે.

(૪૨૧) પાદશાહીને સારૂં, લગણના તરીકાએ પાદશાહી બુનીઆદથી ૧ જનમેલો શાહજાદો છે. અને પાદશાહી બુનીઆદથી નહી જનમેલો, પાદશાહીને માટેનો નથી. તે વીશે ભલી દીનને લગતો બોલાસો.

જાણવું કે, પાદશાહીને સારૂં, પાદશાહી બુનીઆદથી પરણેલી ૨
બોરતને પેટે જનમેલો શાહજાદો ઘણોજ અતલગનો છે. જેમ પોતાના હથીઆરથી જમીનની અંદર ખેતી કરવાએ ઉગેલી વસ્તુ, તે સઘળી જમીન તે ખેતી (કરનાર) ની પોતાની હોવાને લીધે વાજબી ગણાએછે, તેજ પ્રમાણે આથવીઆંનના ફરેદુનની પાદશાહી બોલાદ પોતે, (પુરથવીની) હકુ-

મત કરવાને લાએકની છે. અને તે ઓલાદથી નહી જનમેલો કોઇ શાહજાદો-
૩ પાદશાહીને માટેનો નથી. કારણકે એક જમીન પોતાની નહી હોએ, તેમાંની વસ્તુ વાજબી રીતે તેનો પોતાનો સંબંધ રાખનારી કેમ હોએ ?
૪ તેજ પ્રમાણે બેકાએદે જનમ લેનારો બેટો કાએદાસરનો નથી. પાપી અંધકાર (એહરેમન) ને તેજ આપનારૂં આદમી, (પાદશાહીથી) રદ થાએલું છે. જે પ્રમાણે આથવીઆંનની પખ્શ (યાને બુનીઆદ) ના બુરા તરીકાવાળા-ઓ, (ઇરાનની) હકુમતને માટે જનમેલા નથી.* તેજ પ્રમાણે જીંદગીને હાંણી પોંહચાડનાર જુહાકની બુનીઆદનાઓ, પાદશાહી ઓલાદને લગતા નથી.

૧ (૮૧૪) **હયાતીવાળાં (આદમી) ઓની કાએમ રેહનારી ખુશી અને નાખુશી· તથા વગર હયાતીવાળાઓની યાએદાર નહી રેહનારી ખુશી અને નાખુશી વીશે, ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, હયાતીવાળાં† (આદમી) ઓની કાએમ રેહનારી ખુશી આવતી દુનીઆંને માટેની ખુશીના સંબંધની સાથે જોડાએલી આએ દુનીઆંની ખુશી છે. અને વગર હયાતીવાળાં† (આદમી) ઓની નાપા-એદાર ખુશી, આવતી દુનીઆંની ખુશીથી કપાએલી આએ દુનીઆંની ખુશી છે.

૩ હયાતીવાળાં (માણસ) ઓની કાએમ રેહનારી નાખુશી, આવતી દુનીઆંને માટેની ધાસ્તીની સાથે જોડાએલી આએ દુનીઆંની દીલગીરી છે. અને વગર હયાતીવાળાઓની નાપાએદાર દીલગીરી, આવતી દુનીઆંની ધાસ્તીથી કપાએલી, (યાને આવતી દુનીઆંની દરકાર વગરની) આએ દુનીઆંની દીલગીરી છે.

---

* તુર—સેલમ—અફરાસીઆબ—અરજાસ્પ ઇત્યાદી.

† આએ જગોએ હયાતીવાળાં અને વગર હયાતીવાળાં આદમીનો અર્થ દીનદાર અને વગર દીનવાળાં આદમીનો સમજવો.

(૩૧૮) સારા હાકમ અને નરસા હાકમની હકુમતનું સેવટનું ૧
પરીણામ (કેહવું છે ? તે) મલવા વીશે, ભલી દીનને
લગતો ખોલાસો.

જાણવું કે, જે સારો હાકમ છે, તેની હકુમતનું પરીણામ તેની ૨
સારી હાકમીથી ખુશી, છુટાપણું, અને મોહટાઈને માટેનું છે. અને તે
(હાકમ) થી ઈનસાફની મારફતે દુનીઆંનાં લોકોને જમશેદ પાદશાહની
માફક નેકીનું પોંહચવું છે.

જે બુરો હાકમ છે, તેની હકુમતની બુરી હાકમીનું પરીણામ ૩
ઈનસાફની મારફતે ઈજા, અને પસ્તાવાને લગતું છે. અને તે હાકમ
દીનમાં જણાવેલા જેહાકની માફક દુનીઆનાં લોકોને હલાક કરનારો છે.

(૩૧૯) મજદીઅસની દીન તે હોરમજદનું કેહવું છે. તેની ઈધાણી ૧
વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, મજદીઅસની દીન એ અહુરમજદનું કેહવું છે, તેની ૨
ઘણીએક ઈધાણીઓમાંની આએ (નીચે જણાવેલી) ત્રણ મુખ્ય ઈધાંણી છે.

એક તો (મજદીઅસની દીન) સંપુરણ દાનાઈવાળી છે. બીજું ૩-૪
તે સઘળી (દીન) ઉપર વધારે સાચ્ચી છે. ત્રીજું—દીનના ઉમેદવારને ૫
દાદારની હયાતીને લગતી સંપુરણ સહમજનો ખવાસ તે પોતે આપનારી છે.

(૩૧૫) મીનોઈ જોરથી (યાને ખોદાઈ દીનથી) પુરનારા લોકોને, ૧
આએ દુનીઆના પાદશાહે સુધારીને ચલાવવા વીશે,
ભલી દીનને લગતો ખોલાસો.

જાણવું કે, સઘળી પેદાએશ કાએદાસરની, પેદા કરનારની બખ્શીશ ૨
થી છે. આએ દુનીઆમાં આદમીઓને હયાતી આપનારો અહુરમ-

જદ છે. અને સઘળાં આદમીઓની અંદર તેઓને કાએદાસર અને સકતીવાન રાખનારો એક ખુબીવંતો હાકમ, શેહરોનો પાદશાહ છે. તે (બેહુ) ના સંબંધ અને બંધાનથી જે કોઇ ફરેછે, તે ફરેલા લોકોને પેલા પાદશાહે કાએદાથી કેમ ચલાવવા, તે વીસે (દીનમાં) એમ જણાવેલુંછે કે, તે પાદશાહની તરફથી નેક ઇચ્છાવાળા લોકોને સારી મદદ આપવી. અને જે લોકો બુરી (યાને હવસી) ઇચ્છાવાળા હોએ, તેઓને બુરી મદદ આપવી (એટલે જે શીખ્શા કરવી). અને તે આદમીઓને અકલના શોકથી, અમરગીને માટેની દાનાઇવાળાં બનાવવાં. અને તેમ કરવાથી ઉલટા વીચારના (વરૂન) ના એરાદાવાળી બુરી બુદ્ધીને તેઓથી
૩ અટકાવીને તેઓને બંધ (યાને કાયદા) માં રાખવાં. માણસોને આએ સારા
ખવાસથી અને દીનને લગતી કાબેલીઅતથી જબદાર બનવુંછે. અને (તે-
ઓને) તે સુધરેલા ખવાસથી તથા ભલી દીનને લીધે (દોજખથી) છુટકારો
૪ અને (બેહશતની) બુજોરગીનું મેલવવુંછે. સારો ખવાસ નજીસ
થવાથી અને દીન બુરી હોવાથી, નોકસાનકારક ખવાશનાં અને બુરી
૫ દીનવાળાં (આદમી) ને દોજખની ઇજા છે. આદમીને સખાવત કરવાથી
(લોકોમાં) આબરૂ અને ચલકાટ છે. અને તેથી દુનીઆંને ફરાગતનું મલ-
૬ વુંછે. (આદમીઓને) નહી બખ્શેશ કરવાની બખીલીથી એબ છે. અને તેથી
૭ ખલકને સંકટનું પોંહચવુંછે. (પાદશાહનાં) સુખ આપવાથી, દુનીઆમાં
૮ સુખનો વધારો છે. અને તેથી ખલકની આબાદી છે. અને તેનાં દુઃખના
વીચારથી, દુનીઆની ખુશીનું ધાસ્તીમાં રેહવુંછે. અને તેથી ખલકનો
૯ ઘટારો છે. જેમ દુનીઆમાં પવન, હવાઇ વાદળાં, અને વરસાદને
વરસાવનારાં વાદળાં, દુનીઆંની ઉપર સખાવત અને કીરતીવાળું કામ
કરનાર છે. અને તેને ઘણી કઉઅતમંદ રાખનારછે. તેજ વીચારને
મલતો (આએ દુનીઆમાં) પુણુવંતો નેક પાદશાહ છે. સઘળા લોકોને
આવતી દુનીઆનાં અને આએ દુનીઆનાં કઉઅતથી ચલાવવાં, એ
"જેઓ દુઃખી હોએ તેઓને ખુશી કરવાથીછે." આએ અવસ્તા,
સપંદ નુસ્કની પરગરદના પેહલ્લા ફકરામાં જણાવેલાછે.

(૮૨૧) **આદમીના દરએક યજદની સાથના સંબંધ વીશે તથા તેઓ વચેની જુદાગી વીશે, તથા દેવોના (સંબંધ અને તેઓથી જુદું પડવાના) સબબ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, આદમીનો દરએક યજદની સાથનો જે કાંઇ સંબંધ ૨
છે, તે એક બીજા સાથની મોહબતના સબબને લીધેછે. અને તેઓને એકબીજાથી જુદું પડવું તથા મોહબતનું ટુટવુંછે, તે તેઓની અંદર લોભ, ગોસ્સો, અદેખાઇ અને વેરના ગાલેબ થવાથી તથા દેવોની મારફતે યજદાંની અકલ તેઓથી ચોરાવાએછે.

દેવોનો આદમીની અંદર એક બીજા સાથનો સંબંધ, તેઓની ૩
સાથે મલીને આદમીઓને ઇજા તથા નોકસાંન કરવા થકીછે. પણ જેઆરે તે આદમીઓ, નોકસાંનને તોડવા સારૂ તથા તેઓની જળવણી કરનારા (યજદો) નો પેઆર મેળવવા સારૂ પેલા દેવોની બુરી જાતથી છુટા થાએછે, ત્યારે યજદો પાછા તેઓની અંદર પોંહચેછે. અને તેથી દેવો આદમીઓને હલાક કરવાથી નાઉમેદ થાએછે. અને તેઓ જુદાઇને લીધે (આદમીનાં) સંબંધમાં જતા નથી. સારી ચોકસી રાખનારા (યજદો) ને, છેલ્લા સુધારાને સારૂ આદમીઓ સાથના પેઆરથી ફરવું નથી. તે (છેલ્લા સુધારાના વખત) માં દેવોનો આદમીઓને હલાક કરવાથી નાઉમેદી સાથે અન્ત આવવો છે. અને દેવોને નવી નવી ઇઉકતીથી માણસો સાથે પુછપરછ કરવા જવાનું બંધ પડવાએ તથા તેઓને હલાકીને માટેના બનાવવા સારૂ તેઓમાં વારેધડીએ દોડવાથી અટકવાએ, તેઓનો ઘટાડો થવોછે. તે (છેલ્લા સુધારાના વખત) માં અહુરમજદની પેદાએશ સુધરેલી રેહશે. તથા ખલકના લોકો હમેશની નેકીથી હમેશાં વગર ધાસ્તીવાળાં બનશે.

૧ (૩૨૮) હાકમોની લાએક ખુશી વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, હાકમોને ઘટતી રીતની વાજબી હકુમત કરવાથી, ઘણીએક તરેહની ખુશી છે. અને તેવી હકુમતને લગતી લાએક ખુશી પેલા 'ઓસદીન' ની મોટાઇવાળી ઓલાદને મલી હતી. અને તે 'ઓસદીન' ની ઓલાદનાઓનું મોટાઇ સાથનું સુખ આથવીઆંનની બુનીઆદને લીધે હતું. જેમકે દીનની અંદર કયાંની ઓસદન* ની ઓલાદનાઓને લગતું વરણન જણાવેલું છે તે એ રીતનું છે કે, તેઓને યજદોથી સારી દાનાઇ (યાને ભલી સાહવચેતી) મલતી હતી, તેથી તેઓ દુનીઆંના લોકોની

* કએ ઉસદન—એ કયાની પાદશાહ કાઉશનું અવસ્તાને લગતું નામ છે. ફરવરદીન યશતના ૨૯ મા કરદાના ૧૩૨ મા ફકરાની અંદર પાક અવસ્તામાં આએ વખાણાએલા પાદશાહનાં ફરોહરની નીચે જણાવયા મુજબ યાદ કરેઆમાં આવેલીછે :—

'કએ ઉસદન (યાને કેકાઉશ) ના અશો ફરોહરની હમો યાદ કરીયે છીયે.' પેહલ્લા કયાંની પાદશાહ કેકોબાદની પછી કેકાઉશ ઈરાનના તખ્ત ઉપર બેઠા હતો; શાએર ફીરદોશીએ પોતાની લખેલી શાહનામાની તવારીખમાં જણાવેલું છે કે પાદશાહ કેકોબાદના ચેબ્બાર છોકરાઓ હતા, તેમાં પેહલો કેકાઉશ, બીજો કેઅરશ, ત્રીજો કેપસીન અને ચોથો કેઅરમીન હતો. જે વીસેનું ફીરદોશીનું લખાણ હમો અતરે આપીયે છીયે.

پسر بد مر او را خردمند چار که بودند از او در جهان یادگار
نخستین کاوس با آفرین کي آرش دوم بد سیوم کي پشین
چهارم کي ارمین کجا بود نام سپردند گیتي بارام و کام

ફરવરદીન યશતના ૨૯ મા કરદામાં કેકોબાદ પછી 'કયે અપવંઘુ' (યાને 'કયે-અપિવંઢહુ'—નાં ફરોહરની યાદ કરેલીછે. અને તે પછી 'કેકાઉશ', 'કેઅરશ' અને 'કેપસીન' નાં ફરોહરની યાદ કરેલીછે, તે ઉપરથી પ્રોફેસર જેમસ દારમેસ્ટેટરે 'કયે-અપિવંઢહુ' ને કેકોબાદનો દીકરો ગણેલોછે પણ વડા દીકરા તરીકે કેકાઉશને તખ્ત મલીઉં હતું, તે સાથે સરખાવતાં 'કયઅપિવંઢહુ' કેકોબાદનો નાંઢલો ભાઈ હોવો જોઇએ. માંટે એમાં એ કાબેલ પ્રોફેસરે ભુલ કરી હોએ; કેમકે આપણ જરતોસ્તીઓ ચાલતા આવેલા રેવાજ પ્રમાણે કેકાઉશ અને કેપસીનનું નામ કેકોબાદની સાથે લીજીયે છીયે, પણ કેઅરશ તથા ઉરવંદનું નામ કેપસીનની સાથે લીજીયે છીયે, તે ઉપરથી અનુમાન કરવાને બની આવેછે કે કેઅરશ તથા કેઉરવંદ કેકોબાદના નબીરા હતા. અને શાહનામામાં જણાવેલો كي ارمين કેઅરમીન તે 'કેઉરવંદ' પાદશાહ કેલોહરાસ્પનો બાપ હતો.

જીનદગીને વગર ધાસ્તીએ તથા બેહશતને લગતા વીચારથી રાખનારા હતા. અને છેહલ્લા શુધારાને લગતું જે કાંઇ કામ ખલકના લોકોના મોહટા ફાએદાવાલું હતું, તેને જાળવી રાખનારા હતા. જે પ્રમાણે ૩
ચહડતે દરજ્જેના પાદશાહો આરંજનાં શરબતી ખોરાકે ખુશ થાએછે, તે પ્રમાણે પાદશાહોની તરફથી સઘળા લોકોને ચહડતે દરજ્જેનો ઇનસાફ મળવાથી (તેઓને) ખુશી ઉપજેછે.

(૮૧૧) **ધરમની કઉઅત, શરૂઆતથી છેહલ્લા સુધારાના વખત સુધી, એહરેમનની ઉપર બલવન્ત છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, ધરમની કઉઅત ઘણી ભલાઇને લીધે એહરેમનની ૨
ઉપર બલવન્ત છે. અને તે (કઉઅત) ના સંબંધવાળું આદમી આતમાને લગતા ચહડતા દરજ્જાથી રેહનારૂંછે. તથા તે (આદમી) યજદોના મેલાપને લીધે, વગર ઘટારાવાળી કઉઅતનાં મુળવાળું (યાને સપન્તોમેઇનીઉસને લગતું) છે. અને તેને (નીતીની) દાનાઇને લીધે, લોકોમાં (આએ દુનીઆને ૩
લગતા) વધારા તથા ઘટારાનું જણાવું નથી. (એટલે જે આએ દુનીઆની અંદરનો જે ચહડતો અને ઉતરતો દરજ્જે છે, તેની તે દરકાર કરતું નથી.) વલી (માણુસને) દરૂજની તરફ ધેઆન નહી આપવાએ, એહરેમનની કઉઅતનો (દુનીઆમાં) ઘણો ઘટારો થાએછે. (દુનીઆમાં) દરૂજ (ઇઆને દુરગુણ) નું નહી જણાવું, જયાંસુધી (માણુસો) દરૂજની તરફ ઘણું ધેઆન નહી આપતાં ત્યાંસુધી છે. દુરગુણોની ચાલુ કઉઅત વગર, વધારે ભલી કઉઅતવાળાં આદમીને રોશનીવાળા ખોરશેદની માફક અંધકારની ઉપર પ્રકાશવુંછે. અને હમેશાં તેને ચહડતા દરજ્જાથી રેહવુંછે. અને તેથી દરએક મુળ (યાને ખાનદાન) ને આબાદ હાલતમાં આવવુંછે. તથા સઘળી આલમને પોતાનાં ઉપરીપણાંથી કાએમ રાખવુંછે, અને દરએક મુળને તેનીથી આબાદ હાલતની અંદર આવવુંછે. જાંહાંવેર દુનીઆની ઉપર બુરી શીકલ (યનો બુરો ઘરેહ) યા વાદળનો સાયો નથી, ત્યાંસુધી તે ખુબીવનતી રેહછે; પણ જયારે (તે તેઓના)

સાયાવાળી થાયછે, ત્યારે તે ખોરશેદના વગર દેખાવવાલી બનેછે. અને તે (સુરયના) નહી દેખાવાનાં સબબને લીધે, તેને લગતી સઘળી વસ્તુઓને દાબી નાખવાની અંધકાર (એહરેમન) ને કઉઅત મલેછે. અને તે જોરાવર થાયછે. વલી જેમ રોશનીની સાથે અંધારૂં હોયછે, તેમ સઘળા નીતીની કઅતવાળાઓની અંદર એહરેમનનું બળ રેહછે. તથા સચાઈનાં મુળવાળો ઘટાડાના મુળની કઉઅતવાળો, (એટલે જે અહુરમજદી દીનવાળો એહરેમનની દીન ધરાવનારો) થાએછે. અને તે (હોરમજદી દીનવાળા) ની અંદર નજીસ મુળની અસર થવાથી, તે નીતીની કઉઅતવાળો પોતાને હાંણી પોંહચાંડનારો બનેછે. અને તેને અસલ મુળવાળાં કઉઅતમાં પાછું જોડાવું નથી. (એટલેજે સ્પેનામી-નોની તરફેણવાળું બનવું નથી.) સઘળી સચ્ચાઈવાળાં મુળથી, હમેશાં માણસ તેનાં સાચાં મુળને લગતી ઘટતી ઈચ્છાવાળું થાયછે, પણ તે (સાચાં મુળ ઉપર) નહી ધેઆન આપવાએ, માણસો દુનીઆંમાં બુરા વીચાર, બુરાં વચન અને બુરાં કામની મારફતે, દેવોની ઘણી આરાધના કરનારાં બનેછે. તેમજ (આદમીઓ) નેક વીચાર, નેક વચન અને સારાં કામની મારફતે, યજદાંની આરધના કરનારાં થાએછે. આએ દુનીઆમાં બદકારીથી ૬૦૦૦ વરસ લોકોમાં તે ધાત જણાઈ હતી. દીનની અંદર જાહેર કરેલું છે કે, પેહલ્લો હજારો જમશેદનો નીતીથી પુર કીરતીવાળો, દુનીઆંની અંદ-રની ધાતને તોડનારો અને (એરેમન) ની કઉઅત વગરનો કેહવાએલો
૪ હતો. જોહાકના બીજા હજારાની અંદર, બુરા જોહાકની ભારી દેવપર-
૫ સ્તીથી ઈરાન વેરાણ થયું હતું. ત્રીજો* જરતોશતનો હજારો કેહવાયલોછે, તેમાં મોહટી ઈજાઓનો અંત આવ્યો હતો. અને તે (વખતમાં) એહરેમનની સઘળાં જોરવારી હકુમત, જે એરેમનની દીનની કેળવણી, ઠગાઈ અને ખોટા-રાંને લગતી મોટાઈવાળી હતી, તેનો છેડો આવ્યો હતો. અને તે હજારામાં યજ-દાંની ભલી યાદ લોકો કરવા લાગા હતા. અને એહરેમનની દીનની કેળવણી
૬ તથા ઠગાઈને યજદાંની ભલી યાદ કરવાથી જાંખ પોંહચેઓ હતો. ચોથો હજારો
૭–૮ હોશેદરનો. અને પાંચમો હજારો હોશેદર માહનો કેહવાયછે. અને છઠો હજારો

* આએ જગોએ પેહલવી કેતાબમાં નકલ કરનારની નજર ચુકથી ત્રીજાને બદલે ચોથો અને ચોથાને બદલે પાંચમો અને પાંચમાને બદલે છઠો દોર લખેઆમાં આવેલોછે, તે હમોએ અસલ મુજબ પેહલવીમાં રેહવા દીધુંછે, પણ જંદ અને ગુજરાતી તરજુમામાં હમોએ તે શુધારેલુંછે.

સોસીઓશનો કેહવાયછે. તે વખતમાં સઘળા (દેવદ્રુજો) નો સેવટનો ધટારો થવો છે. અને તે વખતમાં અહુરમજદની પેદાએશનો દોજખથી છુટકારો થવો તથા એજમતી ઉપાયથી ફ્રશકેરેતિ (યાને સેવટનો સુધારો) થાશે. અને માણુસોને છેલ્લી કાયા મલશે.

(૮૮૰) રોશની અને અનધારાંની હસ્તી વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, રોશનીની હસ્તીનું જણાવું, તે રોશનીને પખરાવ- ૨
નારી જાતના દેખાવને લીધે તથા તે પ્રકાશ આપનારી જાતનો દેખાવ આદમીની આંખની અંદર એક બીજાના દેખાવ તરીકે પોંહચવાએછે. અનધારાંની હસ્તીનું જણાવું, તેની જાતથી નથી. (એટલેજ અનધારાંની ૩
કોઇ જાત નથી); પણ તેનું કારણ (ઇનસાનની) જોવાની શકતી બંધ થવાએ તથા જોનારને તે રોશની આપનારી જાત નહી દેખાવાએછે. દાનાઇવાળાં આદમીને આંખની જોવાની શકતી બંધ થવા છતાં દાંનાઇની રોશની રહેછે.

(૮૮૧) અહુરમજદની દીનવાળા હાકમ તથા એહરેમનની દીનવાળા હાકમ અને અહુરમજદની દીનવાળા ધરમગુરૂ તથા એહરેમનની દીનવાળા ધરમગુરૂની ખાસીઅત વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે અહુરમજદની દીનવાળા હાકમનો ખવાસ, (પોતાનાં) ૨
કઉઅતથી (લોકોમાં) ભલા વીચારવાળાની દાનાઇ—પવીતર ઇનસાફ—અને બરદાસ્ત કરવાની શકતીને ઉતપન કરવાનો છે. અને એહરેમનની દીનવાળા હાકમની આદત, પોતાની કઉઅતથી (આદમીની અંદર) નેકીને હાંણી પોંહચાડનારની બુરી બુધ્ધી—ગેરઇનસાફી અને ઘાતકીપણાંને જોરાવર કરવાની છે.

૩ અહુરમજદી દીનવાળા ધરમગુરૂનો ખવાસ ભલા વીચારવાળા (બેહમન) નું જાહેર (યાને સવાબનું સાચું) કામ કરવાનો છે. અને એહરેમનની દીનવાળા ધરમગુરૂની ખાસીઅત ઉલટા વીચારવાળા (અકોમન) નું છુપીયું (યાને ગુનાહનું) કામ કરવાની (માણસને) આદત પાડવાનું છે.

૧ (૮૮૧) **દરએક આદમીને એક જે અહુરમજદ છે, તેની (પખ્શમાં) ચલાવવાના અને એક જે (એહરેમન) છે, તેની (પખ્શમાં) નહી ચલાવવાના સબબથી, સચ્ચાઈ અને ઈનસાફ છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, અહુરમજદ સરવેને જોવાની શકતીથી સચ્ચાઈવાળો તથા સરવેનો ઈનસાફ કરનારો છે. અને દરએક સાચ્ચા માણસને ઈનસાફ તેનીથી છે. વલી જેઓ સઘળાંને જોનારા નથી, તેઓ સઘળાઓને સાચ્ચો ઈનસાફ આપનારા નથી. તેથી સઘળાઓને જોવાની સકતી વગરના શખ્સો, દરએકનો સાચ્ચો ઈનસાફ નહી થવાનાં ઉલટાં કામ વીશે લાચાર થાએછે. પણ દાદાર, જે આદમીની ઉપર વગર જોવે (ચુકાદાનું) ઉલટું કામ થયું હોયછે, તેનો ઘટતો ઈનસાફ કરનારો છે. તેથી જેઓ આવતી (મીનોઇ) દુનીઆના તરીકાને જોઈ શકનારા તથા તેની સહમજ ધરાવેલા હોય, તેઓએ ગુનેહગારને લગતો વાજબી ચુકાદો કરવો. કે જેથી આવતી દુનીયામાં તેઓનો ચુકાદો વાજબી ગણાય. વલી જે કોઈ વગર જોવે વાજબી ચુકાદો કરનારો નહી હોય, પણ તે યજદાંની ઈચ્છાવાળો અને સાચ્ચી દીઆનતનો હોય, તો તે કાયદાસર ચાલનારો ગણાએછે. અને તે સાચ્ચી ચાલચલણવાળો કાયદાસર હોવાથી, (દોજખથી) છુટકારો મેળવનારો છે.

(૧૧૮) ભલી અને બુરી દીનનાં મુલ વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, ભલી દીન—એ અહુરમજદના નેક ખવાસવાળી જાતને ૨
લગતી રોશની છે. અને તેનાં મુલનું જણાવું અહુરમજદને લગતા વીચારે કરીછે. અને અહુરમજદને લગતા વીચાર માટેનું સમરણ (યાને અવસ્તાની બંદગી) અને આતમાની હયાતીનાં પ્રમાણીક કાંમ કરવાએ છે. વલી તે અહુરમજદનાં મુલના વીચારવાલી ભલી દીનનું તે કાંમ કરનારને જણાવું દારમના જાહડની જડ તથા મુલીયું જે જમીનની નીચે વગર દેખાવે રેહછે તે માફકનું છે. અને સ્મરણને લગતાં કામને સારૂં જેમ જમીનની ઉપરનાં દારમના જાડનાં પાતરાં તથા ફલથી તે જાડની જરી તથા તેની રીશાનું તેના લેનારને જણાવું છે, તે પ્રમાણે છે.

બુરી દીન—એ અન્ધકાર દરૂજ (યાને એહરેમન) ની જાતની ૩
બદબોઇ છે. અને તેનું મુલ તેની પ્રસ્તેશ કરનારો ઠગારો આશમોગ (યાને બુરી દીનનો ધરમગુરૂ) જેની અંદર (તે એહરેમન છે) તે છે. (બુરી દીનને લગતાં મુલનું) જણાવું, તે દીનવાળાનાં ખોટારાંને પસંદ કરવાથી છે. બુરી દીનવાળાનું કામ એહરેમનની ખુદ જાતને લગતા કહીબુતે (અપ્રમાણીક) અને અદબીબુતે (યાને એબવનતા) ને લગતું છે. અને તે બુરી દીનનું મુલ, બુરી દીનવાળા ઠગારા અને બુરા ધરમગુરૂની અંદર, સાંપની અંદરના જેહરની માફક રેહછે. અને તે (જેહર) નું જણાવું—જેમ બદનની અંદર સાંપના દંખ મારવાથી મોતનો સમબ છે, તેમ (બુરી દીનવાળા) ના ખોટારાના શોકથી, તેનાં બુરાં કામની ઇચ્છાનું જણાવું છે.

૧ (૮૮૯) **આતમાનો સંભાળ કરનાર અને આતમા(ની રોશની)ને હાંણી પોંહચાડનાર વીશે, ભલી દીનને લગતો ખોલાશો.**

૨ જાણવું કે, આતમાનો સંભાળ કરનાર—જે (સખ્શ પોતાના)
વીચાર—વચન—હાથ—મોહડું અને કમરને બદકારીથી જાલવી રાખ-
૩ નારો હોય તેને ગણવો. અને આતમાની રોશનીને હાંણી પોંહચાડનાર
દેવની હીલચાલવાળાં મકાનને જે ચહડતે દરજ્જેનું સહમજતો
હોએ તેને ગણવો.

૧ (૮૯૦) **દુનીઆંની અંદરની ચહડતે દરજ્જેની ત્રણ કઉમત છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાશો.**

૨ જાણવું કે, દુનીઆંની કઉમતની અંદર કામને લગતી ચહડતે
૩ દરજ્જેની ત્રણ કઉમત છે. (તેમાં) એક—દાનાઇની કઉમત છે, અને
૪ તેનું મુળ અહુરમજદની ભલી દીનનો દસ્તુર છે. બીજી—કામને લગતી
કઉમત છે, અને તેનું મુલ પાદશાહીને પ્રકાશ આપનારો પાદશાહ છે.
૫ ત્રીજી—વસ્તુઓને માટેની કઉમત છે. અને તે (ત્રણે કઉમત) થી
દુનીઆં એતેકાદવાળી (યાને જીંદગી ગુજારવા માટે ભરોસાદાર) છે.
૬ કારણકે દાનાઇથી તેને (દરએક વસ્તુને) પીછાણવાની સહમજ મલેછે.
હકુમતની મારફતે ચહડતે દરજ્જેનાં જોરાવર કામ થાએછે. અને દુની-
આંની અંદરની વસ્તુઓની મારફતે વસ્તુઓને લગતાં કામોની કઉમતનું
(યાને ધંધા રોજગારનું) લોકોમાં ચાલુ રેહવું છે. અને તેથી દુનીઆંમાં
૭ સુધારો થાએછે. આએ ત્રણ (જાતની) કઉમત દાદાર અહુરમજદે
૮ પોતાના બંદાઓને આપેલીછે. લોકોની અંદર એહરેમનની તરફથી
અપાએલી કઉમત, જે કાંઇ વસ્તુઓ હમણાં કાએમ રહેલીછે, તેને
નોકસાન કરવા થકી તથા દાનાઇથી કામ કરનારાં આદમીઓને નબળાં
બનાવવા થકી છે. અને તે નબલાઇથી, જે કાંઇ કઉમત હમણાં (દુનીઆંની)

વસ્તુઓની અંદર કાએમ રહેલું છે, તેની ચહડતે દરજેની સહમજ લોકોને આપનારા ધરમ ગુરૂને તેનાં કામથી પાછો ફેરવવા તથા તે કામથી આજેજ કરવા સારૂં છે. (દુનીઆંના લોકોને) ઈજા દેવી, એ આતશ— ૯
પાણી—જમીન અને ઝાડપાણેાની અંદર ઋફસ્તરોની જાતને નાખવાના સબબથી છે, અને (તે ચીજોમાં ઋફસ્તરોનો મેલાપ) સાંપના તીખ્શાણ જેહરની માફકનો છે. અને તે ઋફસ્તરોના રોગની ઘણીએક દવા તથા ઉપાય આદમી ઉપર કરવા છતાં તેની ઈજા તથા નબલાઈનો સબબ તેમાં રેહછે. આદમીઓની અંદર દાનાઇ અને કામને લગતી કેટલીએક વસ્તુઓની કઉઅત પાછી લાવવા સારૂં અને તે વસ્તુઓની કઉઅત ખોદાઇ મુળવાળી ભલી દીન ધરાવનારની અંદર પાછી ચાલુ કરવા સારૂં, નેક હાકમને અહુરમજદ દાનાઇ બખ્શેછે. અને તેથી આતમાનું (બદનની અંદર) કાએમ રેહવું છે. ખોદાઇ મુળ (યાને દીન) વાળાને, વસ્તુઓને માટેની કઉઅતનો વધારો ખોદાઇ દીનને લીધે છે. અને આદમીની અંદર ખોદાઇ દીનની મારફતે સંપુરણ સહમજ રેહવાએ તથા સેવટને લગતું કાંમ કરવાએ તેના ગુનાહનું દુર થવું છે. અહુરમજદની તરફથી પેદાએશને એહરેમનથી છુટકારો મેલવવો, દુનીઆંનાં લોકોમાં તેઓને માટેનો છેલ્લો સુધારો કરવાથી તથા લોકોને હમેશની પુરતી ખુશી તથા રોશનીવાળાં બનાવવાથી છે.

(૮૮૫) **(દુનીઆંમાં) ચહડતે દરજેનો ઊલટ રાખનારા, ગુણવન્તા સરદારો છે. અને ઊતરતે દરજેનો ઊલટ રાખનારા, એબદાર ધણીઓ છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.** ૧

જાણવું કે, પેહલવાંનો અને હાકમોના ઓત્તમ ખવાસ ચહડતે ૨
દરજેના ગુનવંતા ઉલટ સાથનાછે. અને તેની વીગત આએ પ્રશ્નાંકેની ૩
(યાને નીચે લખેઆ મુજબની) છે. જેમકે, નીતી—બલ—મદદગારી—જવાંમરદી—સખાવત—યજદાંની ઇચ્છાવાળો વીચાર—સાચું બોલવું—

હીમત—કુશેશ—જાહેર કામ કરવું* અને બીજા હકુમતને લગતા
૪ સારા ખવાસો છે. ચહડતે દરજ્જેના એરાદાવાળા અથોરનાનના ગુણો
૫ બોદાની બંદગીને લગતા ઓત્તમ ખવાસોને માટેનાછે. જેને લગતી વીગત આગ્યે પ્રમાણેની છે. ધરમને માટે ખમવું—બંદગીના વીચારની અંદર જોરાવર રેહવું—ઇજતદારને મદદ કરવી—સારી ઇચ્છાને માટેની જવાંમરદી રાખવી—આતમાને લગતો ખોરાક તઇયાર કરવો (એટલે જે ઇજશને આરાધના કરવી.) સખાવત કરવી—ફાગ્યેદા ભરેલું બોલવું—સાચું બોલવું—નમનતાઇ—હીમત—સંતોષ—કુશેશ—ધરમના આગેવાન તરીકેનાં જાહેર કામ કરવાં અને બીજા દરગ્યેક સારા ખવાસની તાબેદારીમાં જોડાયલા રેહવું.

૬ ઉલટા એરાદાવાળા મુખ્ય દુરગુણો બુરી દીનની કેળવણી આપનારા
૭ હાકમના ખવાસ છે. અને તેની વીગત આગ્યે પ્રમાણેની છે. ધરમનાં કામોને દુસ્મન તરીકે ઇજા દેનાર થવું—ધરમને સારૂ ખમનારની બરાતરૂતની માફક દુસ્મની કરવી. નમનતાઇની સાંહમણે થનારા બરાતરૂત (યાને પાપી) ના ગોસ્સાની શકતીવાળું બનવું—ઇજતની સાંહમણે થનારી બરાતરૂતને મદદ આપવાની બદકારી—ભલી ખસલતને આડે આવનારી પાપીને લગતી બદકારીને માટેની દલેરી—જીંદગીને લગતા ખોરાકની સખાવતને આડે આવનારી પાપીને લગતી બખીલી—સમારેલા સખુને કરી યજદાંની ઇચ્છાને નોકસાન પોંહચાડનારૂં ચહડતે દરજ્જેનું બોલવું—ફાગ્યેદાને લગતું કેહવાની સાહામને થનારૂં પાપીના ફાગ્યેદાવાળા વીચારનું સાચું બોલવું—મોહટાં દીલની સાહામને થનારી મગરૂરી. સંતોષની સાહામને થનારી પાપીના લોભવાળી કુશેશ. જેમ બને તેમ ભારી ગુનાહોની મારફતે ઘણાં સવાબનાં કામને ઓછાં કરવાની પાપીની જાહેર બખ્શેશ તથા જાહેર કામો. પેહલ્લા ધરમવાળા જમશેદના સારા ખવાસોને આડે આવનારા બરાતરૂતને લગતા બીજા દરગ્યેક એબવાળાગ્યોના

---

* જાહેર કામ કરવું—એ મજદીયસ્નની દીનને લગતાં દરગ્યેક સારાં ટોળાંને ઉપાગ્યોગી અને આગ્યે તથા આવતી દુનીગ્યામાં માંણસને શુખ આપનારાં નેક કામોને શહમજવાં. પાક અવસ્તામાં ફરમાવેલું છે કે, "અહુરમજદની ખુશી મેલવવાનાં અને એહરેમનને તોડવાનાં જાહેર કામોછે (એટલે જે બોદાનો પેગ્યાર મેલવવાનાં અને શેતાંનને હાંણી પોહચાડવાનાં સવાબનાં કામોછે.) અને તે (માંણસના) છેલ્લા શુધારાની ઇચ્છાને લગતાંછે."

.ꝺꝺꝺꝺꝺꝺꝺꝺ ꝺ, .ꝺꝺꝺꝺꝺ .ꝺꝺꝺꝺꝺꝺ .ꝺꝺꝺꝺꝺꝺ

ફરગુણો. એ પ્રમાણે ઉપર જણાવેલા બેહુ તરેહના ગુણો એક બીજાને આડે આવનારા છે. ઉલટા એરાદાવાળા સરદારોના ફરગુણો નેકીને હાંણી પોંહચાડવાને લગતા છે. અને તે ખવાસોની વીગત આએ (નીચે જણાવ્યા) પ્રમાણે છે. ધરમીપણાની આડે આવનારી પાપીને લગતી ચોરીની બરદાશત કરવી. બાહદુરીને આડે આવનારી પાપીને લગતા વેરી વીચાર વાળી નમ્રતાઇ. ખોદાની તાબેદારીને આડે આવનારી પાપીની બેશરમી. જવાંમરદીને આડે આવનારી પાપીની વેર રાખવાની છુપી કરણી. સખાવતને આડે આવનારી જીંદગીના ખોરાકને લગતી પાપીની કંજુસાઇ. ચહડતે દરજ્જેના વીચારને આડે આવનારો પાપીની તાબેદારીનો હીણ વીચાર. ઉદ્દીએાગને આડે આવનારી બરાતરૂતના સંતોષવાળી આળસાઇ. અને એ (ઉપરાંત) બીજા સઘળા ઉલટા એરાદાવાળા પાપીના ફરગુણો ઉપલા સારા ગુણવાળાએાના હરીફ તરીકેછે.



(૮૮૪) મજદીઅસની દીનની જાત, તેની અગમબુદ્ધી—બખ્શેશ—દાનાઇ—ઉદ્દીએાગ—કામ—વીચાર—શકતી અને ફાએદા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.



જાણવું કે, મજદીઅસની દીનની જાત—તે અહુરમજદની અગમબુદ્ધી છે. અને તે અગમબુદ્ધીની બખ્શેશ—દાનાઇવાળાં કામો છે. વળી તે અગમબુદ્ધી સઘળા હાજતમંદોને સઘળી રીતે ચહડતે દરજ્જે સુધારનારી દાનાઇની ખાણ અને અહુરમજદના સઘળા જાતી ખવાસોની હયાતી છે. તેને લગતો ઉદ્દીએાગ—ખલકનાં દુઃખનું નીવારણ છે. તેનું કામ—વીચાર શકતીથી દાનાઇની મારફતે દરએક વસ્તુની અંદર અપાએલી શકતીને પીછાંણીને તે વસ્તુએાનો ઘટતી રીતનો ઉપીએાગ કરવાનું છે. તેનાં કામની કઉમત—વસ્તુએાની અંદર (કુદરતની તરફથી) અપાએલા જોરને સવછપણાંથી રાખવા સારૂં લોકોની અંદરથી એહરેમનના સંબંધવાળાં ગુનાહનાં કામોને દુર કરવાની અને તેથી લોકોનાં આએ દુનીઆને માટેના તથા આવતી દુનીઆંને માટેનાં દુઃખનું નીવારણ કરવાની છે. તેને લગતો ફાએદો—છેલ્લા સુધારાની હદની અંદરના વખતમાં, વખતની અંદરનાં

કામોને લગતી કેટલીએક સહમજ મેળવીને, નેક પેદાએશને સુધારવાનું ચાલુ રાખવાએ છે. અને વસ્તુઓની અંદરની સધળી કઉઅતને પીછાણુવાએ તે (છેલ્લા સુધારા) ને લગતાં કામને સરંજામ પોંહચાડવું છે. તથા કામની મારફતે ખલકનાં લોકોની અંદરથી એહરેમનનાં દુઃખોનું નીવારણ કરવાએ, તેઓને સંપુરણ અને સલામતીભરેલાં હમેશનાં સુખથી સુધારવું છે.

૧ (૮૮) **મજદીઅસની દીનના પેશવા અને દેવપરસ્તી દીનના આગેવાનને લગતો ભલી દીનનો ખોલાસો.**



૨ જાણવું કે, મજદીઅસની દીનના પેશવાઓ (યાને દસ્તુરો), ધરમની મકતબમાં તરબીઅત કરનારા પેલા અશો અને સાચ્ચા ઉસ્તાદની (યાને પેગમબર જરતોસ્તની) કેળવણીથી તેના ચેલા તરીકે સલામતીવાળી દીનની સહમજ મેલવીને, અહુરમજદની ઉપર એતેકાદ રાખવાથી, તેની દીનના વડાને (યાને પેગમબરને) દીનના સરદાર તરીકે અંતકરણથી માનનારી કઉઅત ધરાવનારા (એટલેજે પેગમબર જરતોશત ઉપર ખરો વીસવાસ રાખનારા) છે. અને તે કેળવણી લેનારા અશો શાગેરદો, (યાને કેળવાએલા દસ્તુરો), નેક હાકમ તથા પાદશાહની સાથની સારી દોસ્તીથી, તેને દીનને લગતા ખવાસ સાથનો બનાવવાએ તથા ભલી દીનનો દુનીઆમાં તેની પાસે ફેલાવો કરાવવાએ, આદમીઓને તેને લગતો ફાએદો પોંહચાડનારા અને જીંદગીવાળાં બદનો ઉપર સારો ચાહ રાખીને તે ઉપર દીનને લગતી હાકમી કરનારા તથા તેઓનાં રવાનને છેલ્લા સુધારાને લગતાં સુખને સારૂં જાળવી રાખનારા મજદીઅસની દીનવાળા અશો પેશવા તરીકે નેકનામી મેલવનારા છે.

૩ દેવપસ્તી દીનના આગેવાનો, પેલા જોહાકની દીનના ઉપરી તરીકે છે. તેઓ અહુરમજદની ઉપર એતેકાદ નહી રાખવાએ ઉલટી કઉઅત મેલવનારા છે, અને તેને લીધે તેઓ તે બુરી દીનના ઉપરીને (યાને જોહાકને) માનનારા છે. તથા તેના શાગેરદ તરીકે લોકોને બુરા (એહરેમન) ના બુરા ખવાસની કેળવણી આપનારાછે. અને (બુરા ધરમની) મદરેસામાં લોકોને દોજખનાં કામની તરબીઅત તથા સીનગાર આપનારા છે. અને તેઓ લોકોને ઠગવા સારૂં બુરી

દીનવાળા હાકમની દોસ્તી કરવાએ તથા તે બુરી દીનવાળા ખવાસના હાકમનો પેઆર મેલવવાએ, તે હાકમને ગુનાહબરેલી હીલચાલ કરાવવાથી આતમાને લગતી દીનને તથા આદમીએોને નોકસાન પોહચાડનારા છે. તથા દુનીઆને એબવન્તી કરનારા છે.

(૮૮૧) **દરએક જણને પાપથી છુટકારો આપનાર અને પુણના સંબંધવાલું કરી શકનારા (ધરમ બોધ આપનાર) વીશે, ભલી દીનને લગતો બોલાસો.** ૧

જાણવું કે, (આદમીને) પાપથી છુટકારો આપવો અને પુણના સંબંધવાલું બનાવવું, એ એક વસ્તુની મારફતે બેહુ (કામ) થાએછે.* અને તે વગર ગુનાહે રેહવાએ તથા સવાબકાર બનવાએછે. સવાબકારીની સહમજ આપનારો અશો મરદ (યાને પાક ધરમગુરૂ) છે. અને તેથી પેદાએશની હયાતીની વસ્તુને (યાને આતમાને) ઘટતી રીતે રેહવું છે. દરેક માણસે કીયું કામ કરવું અને કીયું કામ નહી કરવું તે વીશેની સહમજ મેળવવી દીનના દસ્તુરથી છે. દુનીઆંમાં માણસને વગર ગુનાહે રેહવાની સહમજ પુણવનતા માણસને દુ:ખ નહી દેવાથી છે. અને તેથી (તે માણસ) અહુરમજદના ચાહવાલું બનેછે. સઘળાં આદમીએોને તે દરએક વસ્તુને લગતી વાજબી સહમજ આપનાર (દશતુર) નહી હોવાથી, તેની અંદર અહુરમજદની—ધરમની અને સવાબની સહમજ હોતી નથી. (દીનને) સહમજવાની શકતી વગરનાં માણસને, તે સહમજાવનારા ઉપરી વગર નેકીનું વીચારવું કેમ હોય? જેને સારૂં માણસોમાંનો દરએક જણ, પાપથી છુટકારો મેળવવાની તથા પુણનો સંબંધ મેળવવાની શકતી આપનારાં એક માણસની (યાને વડા ધરમગુરૂની) જરૂરવાલું છે. ૨

* એટલેજે વગર ગુનાહે રહેવું એજ દોજખથી છુટકારો મેલવવાનું કામછે. અને દોજખથી રસતગારી મેલવવી એજ સવાબકાર બનવું છે.

૧ (૮૮૦) જેમ બને તેમ કપડાં વગર બદનને રાખવું નહીં. અને શુદરેહ કુસ્તી વગર ચાલવું નહીં. તે વીશે ભલી દીનને લગતી નસીહત સાથનો ખોલાસો.

૨ જાણવું કે, ભલી દીનને લગતો સરવેનો સુધારો, એક (અહુરમજદ), કે જેના સરવે તાબેદાર છે, તેની દાનાઇથી છે. જે (દીન) ની અંદર આએ દુનીઆની ખોલખ અને આવતી દુનીઆંને લગતી સહમજ છે. અને તે આએ દુનીઆંને લગતી સધળી ચહડતે દરજે કબુલ રાખવાલેગ સાચ્ચી દાનાઇ તથા આવતી દુનીઆંના ખોલાસાવાળી સહમજ છે.

૩ તે (દીન) ની આવતી દુનીઆંને લગતા ખોલાસાવાળી સહમજ, બને તાંહાંસુધી આદમીને નાગાં બદને નહી રેહવાની છે. સબબ કે તેનાં નાગાં બદનને જોવાએ, જાદુગરો તેને ધણી હાણી પોંહચાડી શકેછે. તેથી કાયદાસરનો (માણસે) પોશાક પેહડવો સજાવાર છે. વળી તે આદમીનું સધળું બદન નાગું હોવાએ, તેનો દેખાવ કદરૂપો અને ગેરસરેશતેનો દેખાએછે. તે કદરૂપા અને ગેરસરેશતાવાળા દેખાવનું આદમી તેના દુશમન દેવ દરૂજોને કઉઅત આપનારૂં છે. તે કઉઅત આપનારાં (આદમી) થી આદમીનાં બદનને હાંણી પોંહચાડવામાં દેવ દરૂજો ફાવેછે.

૪ શુદરેહ કુસ્તી વગર નહી ચાલવા વીશે (દીનની) નસીહત છે, કારણકે તેથી દુનીઆંનાં લોકોને (દેવોથી) બેમાલુમ રીતે હાંણી પોંહચેછે. અને તે વગર શુદરેહ કુસ્તીએ ચાલનાર શખ્સ ગોયા આએ દુનીઆંના લોકોને નોકસાન અને હલાકી પોંહચાડનારો છે.* વલી કુસ્તીના બંદ વગર તે શખ્સ પોતે જુદદીન તરીકેનો છે અને તે ભલી દીનવાળો ગણાતો નથી.†

---

* આપણી દીનની અંદર બદનને શુદરેહ વગર અને શુદરેહને કુશતી વગર રાખવાને ગુનાહભરેલું કામ કહેલું છે. દસતુરાંત દસતુર આદરબાદે પાક અવસ્તાને આધારે જોડેલી પતેત પશેમાંનીની અંદર બદનમાં શુદરેહ અને કુશતી નહી રાખીને ચાલવાના ગુનાહને [illegible] 'બરહાનેદવારશની' નું નામ આપેલું છે. અને શુદરેહ રાખી તે ઉપર કુશતી બાંધિઆ વગર ચાલવાના ગુનાહને [illegible] નું 'વશદે દોબારશની' નું નામ આપેલું છે. જેમકે :

[illegible]

† વંદીદાદની ૧૮ મી પરગરદના પાક અવસ્તાની અંદર એક જરતોશતી તરણુ વરસ્યેર શુદરેહ કુશતી પોતાનાં બદનમાં રાખેઆ વગર રેહ તથા ગાથા-

(૮૬૧) ભલી દીનનો તરીકો અને બુરી દીનની રીતભાંત વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, ભલી દીનનો તરીકો મીનોઇ દુનીઆંને લગતાં ચહડતે દરજ્જેનાં કામ અને નેકીને માટેનો છે. તે દીનવાળો જાતે અહુરમજ્દને પોતાનાં અંતઃકરણમાં પાદશાહ તરીકે રાખનારો અને મીનો યજ્દોને લગતાં સવાબનાં કામ કરનારો છે. અને આએ દુનીઆંનાં પ્રમાણીક સુખથી પોતાને સીનગાર આપનારોછે. તથા જાહેર કામો કરવાએ આએ દુનીઆંના બેહદ આદમીઓની ઉપર મોહબત રાખવાએ અને એક સરખી રીતે સખાવત કરવાથી દુનીઆંને આબાદ કરનારો તથા તેને ફાયદો પોંહચાડનારો છે. ૨ ૩

બુરી દીનની રીતભાંત લોકોને આવતી દુનીઆંના દુઃખ અને કશાટીને માટેની છે. અને તેથી (મીનોઇ જેહાંનની) બુજોરગીને હાણી પોંહચાડવી અને જાણી જોઇને દુનીઆંની નેકીનાં સુખને રદ કરવું તથા ગુમરાહીથી આદમીઓને ઠગાઇનો શોક રાખનાર તરીકે બનાવવાંછે. બુરી દીનવાળાને સુખ અને ખુશી, ચોરીથી—તથા છુપી રીતે (લોકોને) હાણી પોંહચાડવાથી અને પવીતર અંતઃકરણથી દુર રેહવાએછે. અને તેની જાત તેથી અપ્રમાણીક દેખાવ આપનારી છે. ૪ ૫

વાણી નહી પઢે, ભલાં પાણીથી આંગને પવીતર કરીને પેદાના કરનારની બંદગી નહી કરે, તેને દાદાર અહુરમજ્દે બુરી દીનવાળા ઠગારા આશમોગનું નામ આપેલું છે. અને તેને છુપી રીતે (દીનની) ખરાબી કરનારો કહેલોછે. તથા આપણી હકુમતના વખતમાં તેને કતલ કરવાની સજા ફરમાવેલીછે.[૨]

૧ જુઓ વેસ્ટર ગીઆર્ડના છપાવેલા વંદીદાદને સારૂ ૪૫૮ મે ફકરો ૮—૧૦ મો.

Dastur Meherji Rana Library, Udwada. Collection (51) Digitized by eGangotri

૧ (૮૯૧) **દીનનો (દુનીઆંમાં) ફેલાવો કરવાને લાએક વસ્તુ (કેહીછે)· તે વીશે ભલી દીનને લગતો ખોલાસો·**

૨ જાણવું કે, દીનનો દુનીઆંમાં ફેલાવો કરવાને માટેની લાયક વસ્તુ ચાર છે. જાતી બુદ્ધી, દીનની સહમજ, લોકોને દીનની સહમજ આપવી અને લોકોને દીન કબુલ કરાવવી. જેમ આદમીનાં ટોળાંને વાજબી રસ્તે ચલાવનારો અનજુમનનો વડો છે. અને તે વડાની નસીહતને આદમીઓ માનેછે; તેમ ગોસ્પંદોનાં ટોળાંનો વડો ભરવાડ છે. અને તે ભરવાડ પોતાની જાતી બુદ્ધીથી ગોસ્પંદોને ફેરવવા તથા ચરાવ-
૩ વાથી તેઓના પેશવા તરીકે છે. જેમ આદમીઓના ટોળાંને સારૂં દીનના પેશવાને દીનને લગતી સહમજ છે. તે મુજબ ગોસ્પંદોને માટે ભરવાડને દીનને લગતી સહમજ છે. જેમ અનજુમનનો પેશવા
૪ આદમીઓને આએ દુનીઆંમાં ચાલવાની દીનને લગતી સીખામણ આપનારોછે, તેમ તે ભરવાડ ગોસ્પંદનાં ટોળાંને ફરહર કરવાની અને
૫ ચારો ચરવાની તરબીઅત આપનારો છે. અને તેથી તે ગોસ્પંદોના વડા તરીકે કબુલ રાખવાજોગ છે. જો એક ભરવાડને ગોસ્પંદોને તરબીઅત કરવાને લગતી જાતી દાનાઇથી દીનને માટેની સહમજ નહી હોય, તો તેને ગોસ્પંદોનાં ટોળાંનો ગોવાલીઓ કરવો નોકસાનકારક છે. જો આદમીના ટોળાંનો દીનનો પેશવા દીનની સહમજથી નાવાકેફ હોએ, તો તે અનજુમનને વીખરાવી નાખેછે. અને તેના કેહવાને કોઇ માનતું નથી.

૬ જો ભરવાડ (ગોસ્પંદનો ઉપરી) નહી હોએ, તો ગોસ્પંદો વગર કાએદાના—વગર ફાએદાની હીલચાલવાળાં અને ચારો ચરવામાં વગર મદદના થાઇ પડેછે.

૭ જો દીનની વાકેફકારીવાળો દસ્તુર (આદમીઓનો ઉપરી) નહી હોએ તો, આદમીઓ બેદાઇ બુદ્ધીની સારી શકતી મેલવવા વગરના અને દીનને નહી માનનારા બનેછે.

૮ વળી જો આદમીઓનું ટોળું નહી હોએ, તો દીનની સહમજ ધરાવ-નારો દસ્તુર એબખલો પડેછે. અને તેને દીનની સહમજ આપવાને માટેનો કોઇ શખ્સ હોતો નથી તથા તેની દીનને કબુલ કરનારો કોઇ રેહતો નથી.

જો ગોસ્પંદનું ટોળું નહી હોએ, તો ગોવાલીઓ વગર દોલતનો— ૯
હીલચાલની પદવીથી પદભરશટ થએલો હોએછે. અને ગોસ્પંદોને માટેનો
મારો નકામો થઇ પડેછે.

જો રેહનોમા (દસ્તુર) ખોદાઇ અકલ વગરનો હોએ, તો તે દીનની સહ- ૧૦
મજનાં બળ વગર તથા દીનને માનનારાઓ વગર નકામો છે. કારણકે ૧૧
જે પેશવા દીનનો બોધ આપવાને લાએકનો નહી હોએ, તો તેથી લોકો
વગર ફાએદાના અને સવાબનો બદલો મેલવેઆ વગરના રેહછે.

જો ગોસ્પંદોનો ઉપરી ગોસ્પંદોને ચલાવી શકનારો (યાને તરબી- ૧૨
અત આપી શકનારો) નહી હોએ, તો તેથી ગોસ્પંદો કાએદા અને ફાએદા
વગરનાં—બંદીવાન—અને ચરવાનાં ચારાની મદદ મેલવેઆ વગ-
રનાં રેહછે.

જો દીન ઉપર એતેકાદ બેસાદનારે પેશવા નહી હોએ, તો ખોદાઇ ૧૩
અકલ નકામી—દીનને લગતી સહમજનો દુકાળ અને લોકો તેને મેલ-
વેઆ વગરના રેહછે. તેમજ દીન ઉપર એતેકાદ બેસાડનારા દીનના ૧૪
પેશવાની બુજોરગી ભરેલી પદવી તેથી નકામી થએછે, અને ટોળાંને
ફાએદો મલતો નથી.

જો ચરનારાં જાનવરોનો ચારો નહી હોએ, તો ગોસ્પંદોનો ટોળો ૧૫
વગર ખોરાકે હાણી પામનારો—બેચેની ભરેલો અને બંદીવાન રેહછે.
અને તેઓની હીલચાલ ફોકટની થઇ પડેછે.

(૮૭૮) ઘણાં ચહડતે દરજ્જેના તથા ઘણાં બુરાં આદમીઓ વીશે, ભલી દીનને લગતો બોલાશો. ૧

જાણવું કે, ભલી દીનનાં લખાણ મુજબ, ઘણા ચહડતે દરજ્જેનાં ૨
આદમીઓ, સઘળાં આદમીઓના ખુબીવંતા હાકમો અને રાજાઓ તથા
દીનની દાનાઇવાળા જમાનાના દસ્તુરો છે. ઘણાંજ બુરાં આદમીઓ, ૩
બુરા હાકમો તથા જમાનાના બુરી કેળવણી લીધેલા ધરમગુરૂઓ છે.

ઓત્તમ અને સારા થઇ ગએલા હાકમોની અંદર જમશેદ (પાદશાહ) ૪
ઘણો સારો અને સરવેથી ચહડતે દરજ્જેનો હાકમ થઇ ગીએોછે. તે પાદશાહ

આપ્યે દુનીઆનાં આદમીઓને રવાંનને માટેનાં તેમજ બદનને માટેનાં કામોની (એટલે જે આપ્યે અને આવતી દુનીઆંની) ઘણી સારી સહમજ આપનારો હતો.

૫ દીનના ઓત્તમ દસ્તુરોની અંદર સરવેથી ચહડતે દરજ્જેના દસ્તુર તરીકે સ્પીતમાન જરતોસત હતો. જે આદમીઓને રવાનને લગતી (યાને મીનોઇ દુનીઆંની) સરવેથી સરસ સહમજ આપનારો હતો.

૬ સરવેથી બુરા હાકમોની અંદર જમશેદનું મોત લાવનારો સરવેથી બુરો જોહાક (પાદશાહ) હતો.

૭ સરવેથી બુરા ધરમગુરૂઓની અંદર અતીઅંત બુરો ધરમગુરૂ ઇજા દેનારી જાતવાળો જરતોશતની જાતનું મોત નીપજાવનાર તુરેબરાતરૂક હતો.

૮ હવે પછી થનારા ક્રશોકન્તને લગતાં (યાને છેલ્લા સુધારાને લગતાં) કામ કરનારા સરવેથી ઓત્તમ ભલા હાકમો તથા દીનના દસ્તુરોની અંદર સોસીઓસ સરવેથી ઓત્તમ છે. અને તેના ક્રશોકન્ત કરવાને માટેના દોસ્તોની અંદર કેખસરૂ છે.

૯ (ક્રશોકન્તના વખતને લગતા) સરવેથી બુરાઓની અંદર ઇજા દેનારી જાતવાળા તુરેબરાતરૂકની ઓલાદનો 'ગદરોસ' છે. અને સરવેથી બુરી ધરમની કેળવણી લીધેલા ધરમગુરૂઓની અંદર જોહાક છે. ભલી દીનની અંદર જણાવેલું છે કે તેઓને મારનાર તથા હાર ખવાડનારો જે છે, તે ફતેહમંદ સોસીઓસ છે.

૧ (૮૯૯) દીનને પસંદ કરનારા તથા (લોકોને ગુનાહની) ઇચ્છાથી ફેરવનારાઓ વીશે, ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાણવું કે, ભલી દીનને લગતી નસીહત છે કે, લોકોએ નેક કામોને લગતી જરૂર ઇચ્છા રાખવી. અને સવાબનાં કામોની અંદર મોટે દરજ્જે પોંહચેલાઓએ બીજા લોકોને ગુનાહનો શોક કરવાથી પાછાં ફેરવવાં.

(૮૬૦) જરતોસ્તને લગતા હજારાની અંદર, ત્રણ બુરી દીનવાળા હાકમોથી તથા ત્રણ બુરી દીનવાળા ધરમગુરૂઓથી, મજદીઅસની દીનને ત્રણ વખત નોકસાન પોંહચશે તે વીશે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, જરતોસ્તના હજારાની અંદર (એટલે જે પેગમબર જરતોશત પછી હોશેદરનો વખત પોંહચશે ત્યાં સુધીમાં) બુરી દીનવાળા હાકમોથી મજદીઅસની દીનને ત્રણ વખત સખત નોકસાન થવાનું છે. તેમાં પેહલું નોકસાન કરનાર તુરકી (પાદશાહ) અરજાસ્પ અને બીજા હાણી પોંહચાડનારા તેના સાથીઓની તરફથી છે. બીજી વખતે (નોકસાન કરનાર), બુરી નામદારીવાળો બુરો હાકમ સેકંદર રૂમી અને તેના સાથીઓ છે. અને ત્રીજી વેલા (નોકસાન કરનાર) પેલો ખોલલા બાલવાળો સાચ્યદ (નામનો અરબ સરદાર) અને તેના સાથીઓ છે. તેમજ જરતોસ્તના હજારામાં બુરી દીનને લગતા ત્રણ ધરમગુરૂઓથી દીનને નોકસાન પોંહચશે, તેમાં પેહલો ધરમગુરૂ રૂપેરી જાતવાળો.* બીજો ધરમગુરૂ સંકટને મદદ આપનારો મજદક, અને ત્રીજો ધરમગુરૂ મહમુતે છે. ૨ ૩ ૪ ૫ ૬

(૮૬૧) ખોદાઈ અકલની સાથે ભલી દીનનો સંબંધ હોવા વીશે. ૧

જાણવું કે, તે ખોદાતાલાની બહડતે દરજ્જેની દાનાઈના સબુનો, મજદીઅસની દીન (આએ દુનીઆમાં) આવેઆની આગમજ તથા તે પછી, જે કોઈ જુદા જુદા મુલુકના સારા વીદવાનો હતા તેઓને સારૂં મજદોની મારફતે મોકલેઆમાં આવેઆ હતા. અને તે બીજા જુદા જુદા ખંડોની અંદરના દાનાઓનો મજદીઅસની દીનને લગતી સચાઈનો સંબંધ આએ પ્રમાણે થયો હતો કે, તે લોકો મજદીઅસની દીનવાળાઓની માફક ભલી દીનને લગતી ખોદાઈ અકલના સંબંધથી તે દીનના વીચાર અને લખાણથી વાકેફ થાયા હતા. ૨

* રૂપેરી જાતવાળો ધરમગુરૂ એ ધારવામેળે માંની હોવો જોઇએ.

૧ (૮૯૭) **ઘણા સારા અને ઘણા ખરાબ વખત વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, જ્યારે દુનીઆંનાં સઘળાં રાજોની અંદર ભલી દીનથી ૨૫૧ ઘટતી રીતે શુધરેલી હોએ, અને રાજની મારફતે ભલી દીનની કઉઅત યકીનથી ચાલુ રહેલી હોએ, ત્યારે લોકોની અંદર નીતીનું પંથરાવું અને દુનીઆં આબાદાંનીવાળી તથા જનદારો કાએમ સુખવાળાં—વગર ધાસતીનાં અને સારી જીનદગીવાળાં—દાનાઈમાં ચહડતે દરજજેનાં—સારૂ સુખ ભોગવનારાં—જેબદાર અને સારી રીતભાંતથી શીનગાર પામેલાં તથા આદમીઓની અંદર સખાવત—સચ્ચાઇ—વફાદારી અને ઘણાએક સારા ઓત્તમ ગુણો હોએછે.

૩ જ્યારે (દુનીઆંમાં) બુરાં રાજોની રઇઅત બુરી દીનની કેળવણીના શુધારાવાળી—બુરી દીનની કઉઅત અને યકીનથી પોતાને ચલાવનારી હોએછે, ત્યારે લોકો અનીતીનો ફેલાવો કરનારા થાએછે. તથા દુનીઆં ઉજડ—અને લોકો બુરી જીનદગી ગુજારનારાં—દુ:ખવંતાં—બુરી બુદ્ધીથી પસ્તદરજેનાં—બુરૂ સુખ ભોગવનારાં—રખડતાં અને બુરી ચાલચલણથી ખરાબ દેખાવનાં રેહછે. અને આદમીઓની અંદર પાપ—બખીલી—નીમખહરામી અને ખરાબ મતલબનો ફેલાવો કરવાથી તેઓ ઘણી બુરી એબોથી ઘણાજ ખરાબ બનેછે.

૧ (૮૯૮) **ભલાં માણસની અંદર આતમાને લગતાં (પાપની) ધાસ્તી રેહછે. અને બુરા લોકોની અંદર આતમાને લગતું પાપી કામ કરવું છે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.**

૨ જાણવું કે, ભલાં માણસનું કામ આતમાને લગતાં (પાપની) ધાસ્તી રાખવાનું છે. અને બુરા લોકોની અંદર આતમાને લગતું પાપી કામ કરવું છે. (જેને સારૂ) પેહલ્લાને બદનની અંદર

તેને લગતો વીચાર પેવસ કરી તનની સલાંમતીને સારૂ રવાંનની યાદ રાખવી—ખોદાની તાબેદારી કરવી—બદનના ઘણાજ હાજરતમંદ ભાગોને માટેના ભેદ ભરેલા વીચારો જબાંનની મારફતે જાહેર કરવાછે. જેઓ બુરા છે, તેઓને તેઓના પેદા કરનારથી હાજરત ૩
અને પોતાની જાતને મીનોઇ દુનીઆંમાં છુટકારો મેળવવાની ઉમેદ નથી. તેથી તેઓ પોતાનાં રવાંનને માટેની એકીનદારીના વગર વીચારને લીધે તનને લગતા છુપા જોસ્સાઓની અસરથી બુરી કઉઅતવાળા થાએછે. રવાંનને લગતી નેકી અને હકુમતના વીચારથી માણસ પોતે (દોજખથી) ૪
છુટકારો મેલવનારૂં છે. અને દેવોની દાંનાઇથી આદમી સઘળા બુરાઓનાં ગહડતે દરજ્જેના કઉઅતવાળું તથા પુરતું દુખ દેનારૂં બનેછે. માણસને ૫
યજદોની મદદથી અકલને લગતું દેખાયછે—(અને) (તેનાં) દીલને કઉઅત મલેછે. તથા લોકોના ફાએદાને માટે હીમતથી બોલવા શારૂ (તેની) જબાંન ખોલ્લી થાએછે અને તેથી દેવોને ગમગીની તથા બુરાઓને દુઃખ પોહચેછે. યજદોને લગતી દાનાઇથી (માણસ) નામને જેબ આપનારૂં તથા નેકીની ઇજ્જતવાળું અને દાદારની ઇચ્છાના સારા વચનવાળું બનેછે.



(૮૯૧) મજદીઅસની દીનનો સંબંધ ધરાવનારો શખ્સ, અશોઇ (યાને નેકી) ની હકુમતને પાએદાર રાખનારો અને બુરો દીન સાથનાં ઇમાનને નાબુદ કરનારો છે. તે વીસે ભલી દીનને લગતો બોલાસો. ૧

જાણવું કે, આએ વસ્તુથી (યાને મજદીઅસની દીનનો સંબંધ ૨
રાખવાએ અને બુરી દીનના એતેકાદથી દુર રેહવાએ) આદમી ઉલટવાલું—આએ દુનીઆની આબાદી—જીનનત—ચાલાકી—દબદબો—ભલી ઇચ્છા અને સુખને મેળવનારૂં થાએછે. જે કોઇ તેહની (યાને મજદીયસની દીનની) હકુમતના સંબંધવાળું હોએછે, તે મજદીયસની દીનને લગતી ઘણી લાએક ભલી શકતી મેળવેછે, જેવી કે નીતી—આબાદી—સુધારો—જેબ—ચાલાકી—દબદબો—ભલી ઇચ્છા અને સારાં સુખને લગતી. આએ દુનીઆંનો દસ્તુર હાકમની મારફક આદમીઓને ધરમી—સુધરેલાં—

જેબદાર—ચાલાક—દબદબાવાળાં—ભલી ઇચ્છાનાં—અને સુખવન્તાં કરેછે. અને તનની અંદરના હાકમ (યાને રવાંન) ની હકુમતને ઉલટ આપતો રહેછે. મજદીઅસની દીન એ રયતનાં રાજની કઉઅત છે. જે રાજ કેટલેએક દરજજે મજદીઅસની દીનની કઉઅતવાળું હોએછે, તે રાજ ચહડતી પદવીનું—અને રાજને કાએમ કઉઅતથી શુધારનારૂં છે.

૩ બુરી દીનવાલાઓનું બલ લોકોને પોતાનું વેર લેવાની લડાઇ કરવા સારૂ ઠગવાનું છે. તેથી તે રાજે પોતાની રઇઅતને શુધારવી અને લોકોને છુટાપણાથી ચલાવવાં તથા જે લોકો નાલાએક અને ધીકારવા જોગ હોએ તેઓને જેબદાર—શુધરેલા—ચાલાક—ભલી ઇચ્છાવાળાં અને સ્તુતી કરવાજોગ સુખવન્તાં કરવાં. તથા તે લોકોનાં જંગલી—કંગાલ અને નગ્નપણાંવાલા બદનને ઇજા પોહચવાથી સુધારવાં.

૪ જે સખતી ઉપજાવનારાં અને હાંણી પોહચાડનારાં ફાડી ખાનારા જાણવરોથી દુનીઆંને સુધારવી હોએતેા, રાજની તરફથી હમેશાં જેમ જોએ તેમ દુનીઆંનો સુધારો કરવા સારૂ ઉલટવાલી ઇચ્છા રાખવી.

૫ માણસની દુનીઆમાં બેરખાહી તથા સુખ, જેથી તેને મેહનત પડતી હોય, તે સખતીઓને દુર કરવાથી છે. દુનીઆંમાં તે બુરી દીનવાળાઓની હકુમતને તાએબેની રઇએત સખતી ભોગવનારી અને છુટાપણાં વગર નાતવાંન થાએછે. અને તેથી તે હકુમત કેટલેએક દરજજેની મોહતાજદાર રહેછે, તેને પાછી સુધારવી તેથી બુરી દીનના એબવન્તા તરીકાનો સંબંધ દુર કરવાએ, તેમજ બુરી દીન સાથે એક મળતા રેહવાથી દુર રેહવાએછે. કારણ કે આદમીઓને રાજની ઉપર ફાવવું અને રઇઅતને રાજને તાએબે નહી રેહવું અને દુનીઆંમાં રાજને કેટલીએક વખત ધુજાવવું, કેટલાએક આતમાને ઠગનારા—અને દુઃખ ઉપજાવનારાઓથી હોએછે. દુનીઆંમાં બુરી દીનવાળાઓથી સંકટછે. માટે લોકોએ તે દીનને છોડી દેવી. કારણકે સંકટથી ફાડી ખાનારાં જનવરોથી બેજાંન થાએછે. સઘળા સંકટવાળા લોકોથી બુરી દીનની હસ્તી છે. અને તેવું રાજ રઇઅતને નકામું થાએછે. અને તેને લગતી હકુમતનો ઘટારો થાએછે.

(૮૭૦) હયાતી ધરાવનારાઓની હકુમતનાં મકાંન વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાંણવું કે, હયાતી ધરાવનારાં આદમીઓની હકુમતવાળું મકાંન, ૨
તે આદમી (સવાબે કરી) ચહડતે દરજ્જેનું હોવાથી તથા તેના આતમાનો દોજખથી છુટકારો થાઇને તેને હમેસ્તગાનમાં તેને પોંહચવાથીછે.

બીજો એથી ચહડતો દરજ્જો ગેબી યજદોની સાહેતાથી હમેસ્તગાં- ૩
નમાંથી તેને બેહશતની અંદર પોંહચવાએછે.

તરીજું સરવેથી ચહડતે દરજ્જેની હકુમત અમેશાસ્પંદોની સાહે- ૪
તાથી બેહશતની અંદરથી ગ્રોથમાનમાં પોંહચવાએછે.*

(૮૭૧) યજદાંના નેક પ્રતાપથી તથા તેની મેહરબાનગીથી, હાકમોની સાથે આદમીઓના સંબંધનું રેહવુંછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, યજદાંના નેક સાયાથી અને તેની મેહરબાંનગીથી ૨
સારી હકુમત કરનારો પાદશાહ યજદાંના સંબંધવાળો રેહછે. અને યજદાનો સંબંધ રાખવાના સબબને લીધે તે (પાદશાહ) ની રઇઅતને તેની તરફ યકીનથી ટકી રેહવુંછે. અને વલી તેઓની જાતને તથા માલ-મતાને ઇનસાફી હાકમોની આગળ દીલોજાનથી રાખવી યજદાંના નેક પ્રતાબથી છે. તેમજ તે પાદશાહ યજદાંની તરફની મેહરબાંનગીવાળો યજદાંના સંબંધથી છે. જે પાદશાહ ઇનસાફવાળો છે, તે યજદાંના નેક સાયાવાળો અને ખોદાની મેહરબાનગી મેળવેલોછે. અને તે (પાદશાહ) તેની રયતની જાત—તથા દોલતનો ઉપરીછે. અને દુનીઆંના લોકો ઘણું ફાએદાવાળાં તેની દીન અને તેના હોકમને માનવાથી હોએછે.

---

* આએ લખાણ ઉપરથી આપણને ખોલ્લી રીતે જણાએછે કે, એક રવાંન તેની પાછલ થાએલાં સવાબનાં કામોથી દોજખથી છુટીને હમેસ્તેગાંનમાં જગો લીએછે. અને તેથી વધારે સવાબ તેની પછવાડે થવાએ હમેસ્તેગાંનમાંથી બેહશ-તનાં મકાંનમાં જાએછે. અને તેથીબી તેની પછવાડે વધારે સવાબનાં કામો થવાથી તે બેહશતની અંદરથી સરવેથી ચહડતે દરજ્જેનાં ગ્રોથમાનની અંદર જાએછે.

૧ (૮૦૮) **આદમીઓમાંનાં દાનાઈવાળાં (આદમી) ને ખોદાતાલાની તરપ્રથી યજદાની મારપ્રતે યજદી દોલતનું મલવું છે અને બુરી દાનાઈવાળાં આદમીને તેનું મલવું નથી. તેના સબબ વીસે ભલી દીનને લગતો ખોલાસો.**

